दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૧૮

## સ્વાનુભવનો રંગ અને તેની ભૂમિકા

મુમુક્ષુ જીવને શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ હોય છે. ચૈતન્યના સ્વાનુભવનો જેને રંગ લાગે તેને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી જ્યારે દૂર થઈશ ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી તીવ્ર પાપકષાયોથી પણ નિવૃત્તિ ન હોય, દેવ–ગુરુનો આદર, ધર્માત્માનું બહુમાન, સાધર્મીનો પ્રેમ વગેરે અત્યંત મંદકષાયની ભૂમિકામાં પણ જે ન આવે, તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પધ્યાન ક્યાંથી કરશે? પહેલાં અશુભ કે શુભ બધાય કષાયનો રંગ ઊડી જાય; જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં તેની અત્યંત મંદતા તો થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. પરિણામને એકદમ શાંત કર્યા વગર એમ ને એમ અનુભવ કરવા માંગે તો થાય નહીં, અહા, અનુભવી જીવની અંતરની દશા કોઈ ઓર હોય છે!

તંત્રીઃ **પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર** * સંપાદકઃ **બ્ર. હરિલાલ જૈન**

વીર સં. ૨૪૯૬ ચૈત્ર (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૭ અંકઃ ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# 卐 ભગવાન મહાવીર 卐

[ સંપાદકીય ]                    [ બ્ર. હ. જૈન ]

આપણે સૌ મહાવીરનાં સન્તાન! મહાવીરના વારસ! કેટલી મોટી ગૌરવની વાત! એ પ્રભુજીને મોક્ષ પધાર્યાને ૨૪૯૬ વર્ષ વીત્યાં, ને ચાર વર્ષ બાદ અઢીહજાર વર્ષ થશે...છતાં વીરપ્રભુજી એમના વીતરાગી ઉપદેશ દ્વારા જાણે આજે પણ આપણી સમક્ષ જ બિરાજમાન હોય,–એવું તેમનું શાસન વર્તી રહ્યું છે. અહા, આપણે વીતરાગી વીરજિનના શાસનમાં આવ્યા...વીર પ્રભુના મુક્તિ માર્ગે જનારા જે રત્નત્રયધારી સન્તો તેમના પાદવિહારી આપણે બન્યા...એમના અનુયાયી બન્યા, એમની શિષ્ય–પરંપરામાં જોડાયા.

વીતરાગી વીરપ્રભુ જેવા મહાન છે, તેમના શિષ્ય થનારની જવાબદારી પણ એટલી જ મહાન છે. વીતરાગના શિષ્યને રાગનો આદર કરવો–તે કેમ પાલવે? રાગથી પાર થઈને આત્મામાં ચૈતન્યભાવ પ્રગટ કરવો તે અપૂર્વ વીરતા છે, ને તે જ વીરનો માર્ગ છે. પ્રભુ મહાવીરના આવા માર્ગની ઉપાસના કરવાની રીત પૂ. શ્રી કહાનગુરુ આપણને શીખડાવી રહ્યા છે. એ માર્ગની ઉપાસના વડે જ પ્રભુ મહાવીરની સાચી ઓળખાણ થાય છે.

ભગવાન મહાવીરના આપણે સૌ અનુયાયીઓ આ ધ્યેયને લક્ષમાં રાખીએ, ને ધ્યેયની સિદ્ધિમાં પરસ્પરને પુષ્ટિ મળે એવું ઉત્તમ વાતાવરણ સર્જીએ. બધી ઝંઝટોને છોડીને, નાનામાં નાના વિખવાદોને પણ એકકોર મુકીને વીતરાગ–માર્ગને જ પ્રસિદ્ધ કરીએ, ને તેની જ ઉપાસનામાં આત્માની સર્વશક્તિ લગાવીએ–આ રીતે જૈનશાસનને ઊજ્વળ બનાવીએ તે જ ભગવાન મહાવીરનો સાચો મહોત્સવ છે; કેમકે ભગવાને પોતાના જીવનમાં એમ કર્યું, આજે વીર પ્રભુનો જન્મોત્સવ ઉજવતાં એ પવિત્ર આત્માની વીતરાગી વીરતાને યાદ કરીને દ્રઢ સંકલ્પ કરીએ કે અમે કાયર નહીં બનીએ, કાયર થઈને રાગમાં નહીં પડયા રહીએ, ધર્મમાં આળસુ નહીં બનીએ; પણ વીરના સન્તાનને શોભે એવી વીતરાગી વીરતાના ઉદ્યમથી આત્માને સાધશું...વીરના પગલે જાશું...ને સાદિઅનંત સિદ્ધાલયમાં વીરપ્રભુ સાથે રહીશું.

जय महावीर!

વૈશાખ સુદ બીજ સંબંધી નિબંધયોજનામાં અનેક લેખો આવેલા છે, તે સંબંધી યાદી આવતા અંકમાં આપીશું. વિદ્યાર્થીઓ. હવે પરીક્ષાઓ પૂરી થઈ હશે, માટે નિબંધની યોજનામાં જરૂર ભાગ લેશો.

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૬
ચૈત્ર
1970 April

* વર્ષ ૨૭: અંક ૬ *

# વીતરાગી સાહિત્યની સ્વાધ્યાય

## ( યુવાનોનું પ્રશંસનીય કાર્ય )

મલકાપુરમાં એક નાનો પણ મહત્ત્વનો પ્રસંગ બન્યો,– જેને અહીં આત્મધર્મના પહેલા પાને સ્થાન આપીએ છીએ–

પૂ. ગુરુદેવ મલકાપુર પધાર્યા ત્યારે સમાજના સર્વે મુમુક્ષુઓએ ઉત્સાહથી લાભ લીધો, તેમાં પણ યુવાન ભાઈઓએ ખૂબ જ ઉલ્લાસથી ને પ્રેમથી ચર્ચા વગેરેનો લાભ લીધો. છેલ્લે દિવસે ( ફા. સુ. ૧૨ ) બપોરે ૨૫–૩૦ યુવાન ભાઈઓ ગુરુદેવ પાસે આવ્યા, ને જીવનભર દરરોજ ઓછામાં ઓછી એક કલાક વીતરાગી શાસ્ત્રની સ્વાધ્યાય કરવાની તે બધા યુવાન ભાઈઓએ પ્રતિજ્ઞા કરી. સાથે સાથે વડીલોએ પણ આનંદિત થઈને શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રતિજ્ઞા કરી.

આપણા સાધર્મી યુવાન બંધુઓનું આ કાર્ય ધન્યવાદ સાથે અનુકરણીય છે. ગામેગામ આવા ઉત્સાહી યુવાનો જાગી રહ્યા છે ને ધાર્મિક ઉલ્લાસ પૂર્વક વીતરાગી જૈન સાહિત્યનો અભ્યાસ કરી રહ્યા છે, તે આપણા જૈન સમાજની ઉન્નતિની નિશાની છે. યુવાનોના આ કાર્યનું સૌ અનુકરણ કરે, અને જીવનની ઉત્તમ પળોનો ઉપયોગ વીતરાગતાની સાધનામાં કરે–એમ ઇચ્છીએ.

– બ્ર. હ. જૈન

# જલગાંવ શહેરમાં જિનબિંબ વેદીપ્રતિષ્ઠા મહોત્સવ

ગતાંકમાં સોનગઢથી જલગાંવ સુધીના પ્રવાસના સમાચારો તેમ જ પ્રવચનો આપ્યા હતા; આ અંકમાં જલગાંવથી રાજકોટ સુધીના સમાચારો અને પ્રવચનો રજુ થાય છે.

શિરપૂરમાં પાર્શ્વનાથપ્રભુની પંચકલ્યાણક પ્રતિષ્ઠાના ભવ્ય મહોત્સવ બાદ, ફાગણ સુદ ત્રીજે પૂ. ગુરુદેવ જલગાંવ શહેર પધાર્યા અને ત્યાં વેદીપ્રતિષ્ઠાનો મંગલ–ઉત્સવ શરૂ થયો. શેઠશ્રી વૃજલાલ મગનલાલના સુહસ્તે મંડપમાં જિનબિંબ સ્થાપન થયું. ભગવંતોને આંગણે પધારતા દેખીને ભક્તજનોના હૈયા આનંદઉલ્લાસથી નાચી ઊઠયા હતા. ફાગણ સુદ ૪ ની સવારમાં છ ઇન્દ્ર–ઇન્દ્રાણીની સ્થાપના થઈ, ગુરુદેવે મંગલઆશીષ આપ્યા. પ્રવચન બાદ ઇન્દ્રોનું સરઘસ જિનેન્દ્રભગવાનની પૂજા કરવા માટે ધામધૂમથી ચાલ્યું; તેમજ સાથે જલયાત્રા પણ નીકળી હતી. બપોરના પ્રવચન પછી શ્રી પંચપરમેષ્ઠીનું સમૂહપૂજન થયું. બીજે દિવસે સવારે પ્રવચન પછી ઇન્દ્રોદ્વારા યાગમંડલપૂજન થયું. બપોરના પ્રવચન પછી ઇન્દ્રોદ્વારા તથા કુમારિકા દેવીઓ દ્વારા જિનમંદિર–વેદી–કલશ–ધ્વજની શુદ્ધિની વિધિ થઈ હતી. આનંદ–ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં પૂ. બેનશ્રી–બેનના સુહસ્તે પણ સ્વસ્તિકવિધાન વગેરે મંગલક્રિયાઓ થઈ હતી. ફાગણ સુદ છઠ્ઠની સવારે ૯ વાગે શ્રી જિનેન્દ્રભગવંતોને વેદી પર બિરાજમાન કરવાના હતા, ત્યાર પહેલાં તો દોઢ કલાક અગાઉ ગુરુદેવ જિનમંદિરે આવી પહોંચ્યા, ને પ્રભુભજનની ભાવના જાગી, તેથી આદિનાથ ભગવાન, મહાવીર ભગવાન વગેરેનું ભાવભીનું સમૂહપૂજન બેનશ્રી–બેને કરાવ્યું. મંદિર તો નીચે–ઉપર ભીડથી ઉભરાતું હતું. પૂજન બાદ ભક્તજનોના અતીવ ઉલ્લાસ વચ્ચે ગુરુકહાને શ્રી આદિનાથ ભગવાનની વેદી પ્રતિષ્ઠા કરી. મૂળનાયક ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શેઠશ્રી નવનીતલાલભાઈ ઝવેરીએ લીધો અને તેની ખુશાલીમાં રૂા. દશહજાર ને એક જિનમંદિરને અર્પણ કર્યા. ઋષભદેવ ભગવાનની આજુબાજુમાં મહાવીર ભગવાન તથા શાંતિનાથ

ભગવાનની સ્થાપના થઈ; પછી જિનવાણી શ્રી સમયસારની સ્થાપના થઈ તેમજ મંદિરજીના શિખર ઉપર કળશ તથા ધર્મધ્વજ શોભી ઊઠયા. આમ આનંદપૂર્વક જલગાંવ જિનમંદિરમાં ભગવાન જિનેન્દ્રદેવની પ્રતિષ્ઠા થઈ. જલગાંવના મુમુક્ષુઓને ધન્યવાદ!

અહીં મુમુક્ષુઓના ઘર થોડા હોવા છતાં ઉલ્લાસ ઘણો હતો. અહીંની ચાર ચાર બહેનો સોનગઢ–બ્રહ્મચર્યાશ્રમમાં રહે છે. ભગવંતોની પ્રતિષ્ઠા વખતે ભક્તોના હૈડાં અપાર ઉત્સાહથી નાચી ઊઠયા હતા. માત્ર ત્રણ મહિનામાં એક લાખ રૂા. નું જિનમંદિર તૈયાર કરીને વેદીપ્રતિષ્ઠા પણ આનંદથી થઈ ગઈ.

બપોરે શાંતિયજ્ઞ તથા પ્રવચન બાદ જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. ગંધકૂટી ઉપર વીતરાગપ્રભુના દર્શનથી જલગાંવ નગરી જાણે ધન્ય બની ગઈ. રથયાત્રા જિનમંદિરે આવી, ને મંગલ પ્રતિષ્ઠા ઉત્સવની પૂર્ણતાના ઉલ્લાસમાં આનંદકારી જયજયકારથી મંદિર ગાજી ઊઠયું, પોતાની નગરીના આંગણે જિનભગવંતોને દેખીને મુમુક્ષુ ભક્તોનાં હૈયાં તૃપ્ત થયા. હવે પ્રભુની સેવા કરીશું ને પ્રભુના માર્ગે આત્મહિત સાધીશું એવી ભાવનાથી ખૂબખૂબ ભક્તિ કરી.

ગુરુદેવ જલગાંવ શહેરમાં છ દિવસ રહ્યા; હંમેશા રાત્રે તત્ત્વચર્ચા થતી હતી. ફાગણ સુદ સાતમને દિવસે બપોરે જલગાંવથી ત્રીસેક માઈલ દૂર ધરણગાંવમાં એક વિશાલ જિનાલય છે, તેમાં નાના–મોટા ત્રણસો ઉપરાંત પ્રાચીન જિનબિંબો બિરાજે છે. પાર્શ્વનાથપ્રભુના એક પ્રાચીન પ્રતિમા દોઢહજાર વર્ષથી પણ વધુ પ્રાચીન છે, તેમના હાથની આંગળીઓમાં વિશેષ પ્રકારની શૈલી દેખાય છે. ધરણગાંવમાં મુમુક્ષુ મંડળ ચાલે છે, ઘણા ભાઈ–બેનો ઉત્સાહી છે. ગુરુદેવ પધારતાં ઉત્સાહથી સ્વાગત થયું; જિનમંદિરમાં આવીને જિનેન્દ્રસમૂહનાં દર્શન કર્યા. પછી જિનમંદિરના ચોગાનમાં ભરચક સભા વચ્ચે સ. કળશ ૧૨૬ ઉપર પ્રવચન કરીને ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજાવ્યું. અહીં ગુજરાતી કે હિંદી સમજવાની મુશ્કેલી છતાં સભાએ જિજ્ઞાસાથી પ્રવચન સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પ્રવચન પછી વિશાળ જિનમંદિરનું ને જિનબિંબોનું ફરી અવલોકન કરીને ગુરુદેવે ભક્તિ કરાવી હતી. આમ પ્રસન્નતાપૂર્વક ધરણગાંવનો કાર્યક્રમ પૂરો થયો હતો ને સાંજે પુનઃ જલગાંવ પધાર્યા હતા. રવિવાર ( ફાગણ સુદ ૮ ) છેલ્લા દિવસે પ્રવચન અને અભિનંદનપત્ર સમર્પણ બાદ જિનમંદિરમાં

ભક્તિ થઈ હતી. જિનમંદિર થયા પછીની આ પહેલવહેલી જ ભક્તિ હોવાથી પૂ. બેનશ્રી–બેને ઘણી ભાવભીની ભક્તિ કરાવી હતી.

ફાગણ સુદ ૯ ની સવારમાં જિનમંદિરમાં દર્શન–ભક્તિ કરીને મંગલ જયજયકારપૂર્વક મલકાપુર તરફ પ્રસ્થાન કર્યું.

## * જ્ઞાન-પ્રકાશ *

માનનીય પ્રમુખ શ્રી નવનીતલાલભાઈ સી. ઝવેરી મોટા મોટા દશેક શહેરોમાં ઈલેકટ્રીક પાવર હાઉસ ધરાવે છે; સૌથી પહેલું પાવર હાઉસ ચાલીસેક વર્ષ પહેલાં તેમણે આ જલગાંવ શહેરમાં શરૂ કરેલું. ત્યાંના નિમંત્રણથી પૂ. ગુરુદેવ પધાર્યા હતા, ત્યાં મેનેજર અને સ્ટાફના પસાસેક ભાઈઓએ સ્વાગત કર્યું હતું, મંગળરૂપે પાંચ મિનિટના પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–આત્મા આ દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે; દેહ હું નથી હું તો ચૈતન્યપ્રકાશનો પૂંજ છું–એમ ઓળખાણ કરવી જોઈએ. હું કોણ છું? ને પરચીજ શું છે? એમ સ્વ–પર બંને ચીજને જાણીને પોતાના સ્વભાવનું ભાન કરવું અને આત્મામાં સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પ્રગટ કરવો, તે જ કલ્યાણ છે. આવા જ્ઞાનપ્રકાશ વગરની બધી વાત મિથ્યા છે. આત્માના જ્ઞાન વગર પુણ્ય–પાપ કરે તેથી સ્વર્ગ કે નરકનો ભવ મળશે, પણ જન્મ–મરણ મટશે નહીં ને મોક્ષસુખ મળશે નહીં. માટે આ મનુષ્ય ભવમાં આત્માને ઓળખીને ચૈતન્યપ્રકાશ પ્રગટ કરવો તે કર્તવ્ય છે.

આ પ્રસંગની ખુશાલીમાં કંપની તરફથી રૂા. ૧૦૦૧/– (એક હજાર ને એક) જ્ઞાનપ્રચાર ખાતે જાહેર કરવામાં આવ્યા હતા. વીજળી–પ્રકાશના દશેક પાવર હાઉસ ધરાવનારા શ્રી નવનીતભાઈ જ્ઞાનપ્રકાશના પ્રચાર માટે પણ ખૂબ લાગણી ધરાવે છે.

# પહેલું સુખ તે ભેદવિજ્ઞાન

[ સમયસાર ગા. ૭૪ ઉપર જલગાંવમાં ફાગણ સુદ ૩ થી ૮ના પ્રવચનોમાંથી ]

## દુઃખથી છૂટવા માટે કેવું ભેદજ્ઞાન કરવું ? તેની સમજણ

આત્મા અનાદિકાળથી જ્ઞાન–આનંદસ્વરૂપ વસ્તુ છે; તે પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલીને સંસારમાં રખડે છે. સંસારમાં રખડતાં તેણે લક્ષ્મી–ધન વગેરેનો સંયોગ અનંતવાર મળ્યો, પણ પોતાની ચૈતન્યલક્ષ્મી શું છે તે તેણે કદી જાણ્યું નથી.

આ સંસારમાં રખડતા જીવને મનુષ્યપણું મળવું અને સાચા દેવ–ગુરુનો યોગ તથા જૈનધર્મનું શ્રવણ મળવું બહુ મોંઘું છે. ભગવાનના સમવસરણમાં ધર્મનું શ્રવણ કરવા માટે સ્વર્ગમાંથી ઇન્દ્રો અને દેવો પણ આ મનુષ્યલોકમાં આવે છે. તો એ ધર્મકથા કેવી હશે! તે ધર્મશ્રવણ માટે બહુમાન અને ઉત્સાહ જોઈએ. સીમંધર પરમાત્મા વગેરે તીર્થંકરો અત્યારે પણ મનુષ્યલોકમાં વિદેહક્ષેત્રમાં બિરાજે છે, ને આત્માના સ્વરૂપની ધર્મકથા સંભળાવે છે, ઇન્દ્ર અને ચક્રવર્તી ભક્તિપૂર્વક શ્રવણ કરે છે. ભગવાને જે ઉપદેશ આપ્યો તે જ આ સમયસારમાં કુંદકુંદાચાર્યદેવે સમજાવ્યો છે.

ભાઈ, તારા આત્માનું સાચું સ્વરૂપ શું છે? તેને ઓળખ. શરીર અને પૈસા એ તો જડ છે, પુણ્ય–પાપના ભાવો થાય તે પણ તારું ખરૂં સ્વરૂપ નથી; તેનાથી પણ પાર થઈને આનંદસ્વરૂપ આત્માનું વેદન થાય તે ધર્મ છે. આવા સ્વરૂપને ઓળખવું તે જ દુઃખથી છૂટવાનો રસ્તો છે. પરમાત્માએ સુખ માટે આવો રસ્તો બતાવ્યો છે. પોતે આવો રસ્તો લીધો ને જગતને પણ એ જ માર્ગ બતાવ્યો. તેનું આ વર્ણન છે.

સુખ કહો કે ધર્મ કહો; ધર્મ સૂક્ષ્મ છે; શુભરાગ કરવો તે તો સ્થૂળ છે, તે તો અજ્ઞાનીને પણ આવડે છે, પણ રાગથી પાર એવો સૂક્ષ્મધર્મ શું ચીજ છે? તેની અજ્ઞાનીને ખબર નથી. પુણ્ય અને પાપથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માની ઓળખાણ એક ક્ષણ પણ કરે તો અનંતકાળના ભવચક્રનો અંત આવે ને અલ્પકાળમાં મુક્ત થઈ જાય. આવું ભેદજ્ઞાન કરવું તે ધર્મની મુખ્ય ચીજ છે. બાકી જિનમંદિર–પ્રતિમા–પૂજા વગેરે શુભભાવો શ્રાવકને આવે છે ખરા, પણ તે શુભરાગ કાંઈ જ્ઞાનસ્વરૂપ નથી, જ્ઞાનથી તે ભિન્ન છે, તે મોક્ષનું કારણ થતું નથી, મોક્ષનું કારણ તો રાગ વગરની એવી જ્ઞાનક્રિયા જ છે. આવા જ્ઞાનવડે આત્મબોધ આઠવર્ષના બાળકને પણ થાય છે. આવા આત્મબોધ વગર કદી જન્મ–મરણનાં દુઃખ મટે નહીં.

જીવે પાપ અને પુણ્ય બંને ભાવો અનંતવાર કર્યા છે, અનાદિકાળથી એ જ કામ કર્યું છે; જડનું કામ કદી કર્યું નથી, અને પાપ–પુણ્યથી પાર એવું જ્ઞાનનું કામ શું છે તે કદી જાણ્યું નથી. ભાઈ, પુણ્ય–પાપના ભાવો તો તારા જ્ઞાનથી વિરુદ્ધભાવો છે, તે તારા જ્ઞાનની પુષ્ટિ કરનારાં નથી પણ ઘાત કરનારાં છે. જ્ઞાનનો સ્વભાવ તો શાંત અનાકુળ છે, તેના વેદનથી સમ્યગ્દર્શન અને આનંદ થાય છે. ધર્મની આ રીતને ઓળખે પણ નહીં અને જડને તથા રાગને જ પોતાનું સ્વરૂપ માનીને વર્તે તે જીવને ધર્મ ક્યાંથી થાય? રાગને પોતાનું સ્વરૂપ જ માને તે રાગથી પાછો ક્યારે વળે? જ્ઞાન અને રાગની ભિન્નતા જાણીને ભેદજ્ઞાન કરે તો જ્ઞાનમાં તન્મય થાય ને રાગથી જુદો પડે. આ રીતે ભેદજ્ઞાન વડે જ આત્મા આસ્રવોથી એટલે કે દુઃખથી છૂટે છે. બીજો કોઈ ઉપાય દુઃખથી છૂટવાનો નથી.

ચારગતિમાંથી નરક કરતાં સ્વર્ગમાં જનારા જીવો ઝાઝા છે. જીવે અજ્ઞાનપણે પાપ–પુણ્ય કરીને નરક કરતાં સ્વર્ગના ભવ અસંખ્યગુણા કર્યા છે, ને તિર્યંચના (એકેન્દ્રિયના) ભવ તો તેનાથી અનંતગુણા કર્યા છે. ચારે ગતિમાં મનુષ્યપણું સૌથી દુર્લભ છે; મનુષ્યભવ સૌથી ઓછા કર્યા છે, છતાં તે પણ અનંતભવ કર્યા છે. આવું મનુષ્યપણું પામીને તેમાં સર્વજ્ઞપરમેશ્વર જેવો પોતાનો આત્મા, તેની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન કરવું તે મૂળ ધર્મ છે.

બાપુ! આવો આત્મકલ્યાણનો અવસર મળ્યો, તેમાં પોતાનું હિત કેમ થાય તેનો વિચાર કર. બહારની હોડ–હરિફાઈ છોડ. બીજા પાસે ઘણા પૈસા ને મારી પાસે થોડા–એવી ખોટી ચિંતા કરે છે, પણ જેવા સર્વજ્ઞભગવાન છે તેવા જ સર્વજ્ઞસ્વભાવનો વૈભવ મારામાં ભર્યો છે–એમ નિજનિધાનનો વિશ્વાસ કર, તો અપૂર્વ શાંતિ મળે. આત્મા જ્યારે પોતાના સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્રતાથી સર્વજ્ઞપદ પ્રગટ કરે છે ત્યારે તે આત્માને જ ઈશ્વર–પરમાત્મા કહેવાય છે. એટલે પોતાના સર્વજ્ઞ સ્વભાવની ઉપાસના (ઓળખાણ અને એકાગ્રતા) તે પરમેશ્વરની ખરી ઉપાસના છે. આવા પરમેશ્વરની ઓળખાણ વગર સાચી ઈશ્વરની ઉપાસના થઈ શકતી નથી.

આત્મા જ્યારે સર્વજ્ઞ પરમેશ્વર થાય છે ત્યારે તેને જરાપણ રાગ રહેતો નથી, વસ્ત્ર હોતાં નથી, ખોરાક હોતો નથી, ઇચ્છા હોતી નથી. એક ક્ષણમાં પૂર્ણ આનંદના ભોગવટા સહિત ત્રણકાળ–ત્રણલોકને જાણે છે. આવા પરમાત્માની ઓળખાણ પૂર્વક તેમની સ્થાપના–પૂજા–બહુમાન તે ઈશ્વરની વ્યવહાર ઉપાસના છે; અને 'જિનપદ

નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ' એમ સર્વજ્ઞ જેવા પોતાના આત્માને જાણીને તેમાં એકાગ્રતારૂપ ઉપાસના તે ઇશ્વરની પરમાર્થ ઉપાસના છે, ને તે જ સ્વયં ઈશ્વર થવાનો ( એટલે કે મોક્ષનો ) ઉપાય છે.

હે જીવ ! દેવ–ગુરુની સાચી સેવા–ઉપાસના કરવી હોય તો તેમના જેવા પોતાના આત્માને ઓળખીને તું પણ તેમના જેવો થા. વીતરાગ થઈને વીતરાગદેવની સાચી ઉપાસના થાય છે. એકલા રાગમાં રહીને વીતરાગદેવની ખરી ઉપાસના થતી નથી. રાગ અને જ્ઞાનની ભિન્નતાનું જ્ઞાન કરવું તે વીતરાગમાર્ગની પહેલી ઉપાસના છે.

જગતમાં જીવ તેમજ અજીવ અનંતા છે; પ્રત્યેક જીવ ને પ્રત્યેક અજીવ સ્વતંત્ર તત્ત્વ છે, તેનું કાર્ય સ્વતંત્રપણે તે પોતે કરે છે. તેને બદલે બીજો એમ કહે કે હું તેનાં કાર્ય કરું,–તો તે અનંતા પદાર્થોના સ્વતંત્ર અસ્તિત્વને માનવો નથી, એટલે તેની માન્યતામાં અનંત વિપરીતતા છે.

હવે જીવાદિ છ દ્રવ્યોને તો માને પણ આત્માનો શુદ્ધ સ્વભાવ રાગથી પાર અખંડ જ્ઞાનસ્વભાવ છે તેને ન અનુભવે તો સમ્યગ્દર્શન થાય નહીં.

પુણ્ય અને પાપ બંને ભાવોમાં આકુળતા છે; બંને ભાવો પરસન્મુખ છે, બંને ચૈતન્યની જાુદી જાત છે; તેનાથી ભિન્ન ચૈતન્યવસ્તુ છે તેમાં અનાકુળ સુખ છે. જ્યારે આવું ભેદજ્ઞાન કરે ત્યારે જ અજ્ઞાનમય આસ્રવથી છૂટીને જીવને જ્ઞાનમય સંવરદશા થાય એટલે કે ધર્મ થાય. શુભભાવ હો ભલે પણ તે કાંઈ ધર્મરૂપ નથી, તે જ્ઞાનરૂપ નથી. આમ રાગથી ભિન્ન જ્ઞાનચેતના જીવે કદી અનુભવી નથી. પાપના રાગમાં તો આકુળતા છે, ને પુણ્યનો જે શુભરાગ તે પણ આકુળતાની જ જાત છે, તે કાંઈ જ્ઞાનની જાત નથી. જ્ઞાનની જાત તો આકુળતા વગરની સહજ આનંદસ્વરૂપ છે. જેમાં આનંદનું વેદન નહીં તે જ્ઞાન નહીં.

શ્રી પંચપરમેષ્ઠી ભગવાન પ્રત્યે અનાદર, હિંસકવૃત્તિ, માંસભક્ષણ વગેરે તીવ્ર પાપભાવો તો મહા દુઃખરૂપ છે, તેનાથી પાપકર્મનો આસ્રવ થાય છે અને તે કર્મ તરફનું વલણ ભવિષ્યમાં પણ આકુળતા જ ઉત્પન્ન કરશે એટલે કે ભવિષ્યમાં પણ તે દુઃખનું જ કારણ થશે, આત્માના સુખનું કારણ તે નહીં થાય. એ જ રીતે, પંચપરમેષ્ઠી ભગવંતો પ્રત્યે આદરભાવ, દયાની વૃત્તિ વગેરે શુભભાવોમાં પણ વર્તમાન આકુળતા છે તથા તેનાથી જે પુણ્યકર્મનો આસ્રવ થાય છે તે કર્મ તરફનું વલણ

ભવિષ્યમાં પણ આકુળતા જ ઉત્પન્ન કરશે, માટે ભવિષ્યમાં પણ તે આસ્રવ દુઃખનાં જ કારણ છે, પુણ્યફળ તરફનું વલણ પણ કાંઈ આત્માના સુખનું કે સમ્યગ્દર્શનાદિનું કારણ થતું નથી. પાપ કે પુણ્ય બંને તરફનું વલણ આકુળતાવાળું જ છે એટલે દુઃખ જ છે, તેમાં નીરાકુળ સુખ કે શાંતિ નથી, આત્માનું જ્ઞાન કે જે પુણ્ય–પાપ વગરનું છે, તે સુખરૂપ છે, અને તે જ્ઞાનભાવ વડે કોઈ અશુભ કે શુભકર્મ બંધાતું નથી તેથી ભવિષ્યમાં પણ તે સુખનું જ કારણ છે. જ્ઞાનભાવ કદી દુઃખનું કારણ નથી; ને રાગભાવ કદી સુખનું કારણ નથી. આમ જ્ઞાન અને રાગથી અત્યંત ભિન્નતા જાણીને જેમ જેમ જ્ઞાનભાવરૂપે જીવ પરિણમે છે તેમ તેમ તે આસ્રવોથી છૂટે છે; અને જેમ જેમ આસ્રવોથી છૂટે છે તેમ તેમ તે જ્ઞાનઘન થાય છે. આવું ભેદજ્ઞાન તે જ પહેલું સુખ છે. 'પહેલું સુખ તે ભેદવિજ્ઞાન.'

અત્યારે પુણ્ય બાંધીએ ને તેનાથી ભગવાનનું સમવસરણ વગેરેનો સુયોગ મળશે–ત્યારે ધર્મ પામશું,–એવી જેની બુદ્ધિ છે તેને આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ! જ્યાંસુધી બહારમાં પર તરફ (પુણ્યનાં ફળ તરફ) તારું વલણ રહેશે ને બહારથી ભિન્ન એવા અંતરના જ્ઞાનસ્વભાવ તરફ તારું વલણ નહીં જાય ત્યાં સુધી તને કિંચિત્ પણ ધર્મ નહીં થાય. ધર્મની શરૂઆત જ્ઞાનમાં એકાગ્રતાથી જ થાય છે. પર તરફનું વલણ–પછી ભલે તે ભગવાન તરફનું વલણ હોય–તેનાથી ધર્મ થતો નથી. અજ્ઞાની ખરેખર દેવ–ગુરુની સેવા કરવાનું જાણતો જ નથી; શરીર કે વાણી એ કાંઈ દેવ–ગુરુ નથી, એ તો પુદ્ગલની રચના છે; તેનાથી ભિન્ન દેવ–ગુરુનો આત્મા તો અતીન્દ્રિય જ્ઞાન–આનંદસ્વરૂપ છે, તેવા સ્વરૂપે ઓળખે તો જ દેવ–ગુરુને ખરેખર સેવ્યા કહેવાય. અને એવા અતીન્દ્રિય જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માને લક્ષમાં લેવા જાય ત્યાં જ્ઞાનનું લક્ષ રાગથી જાુદું પડીને અંતરના શુદ્ધ સ્વભાવ તરફ વળી જાય એટલે કે પોતામાં સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય.–એ જ વીતરાગી દેવ–ગુરુની ખરી ઉપાસના છે, તે જ મોક્ષમાર્ગ છે, ને તે જ ભવદુઃખથી છૂટવાનો ઉપાય છે. આવી દશા પ્રગટ કરે ત્યારે જીવ ધર્મી થયો કહેવાય. ચૈતન્ય પ્રભુનો જેને પ્રેમ લાગ્યો તે એનાથી વિરુદ્ધ એવા રાગાદિ ભાવોનો પ્રેમ કદી કરે નહીં. ચૈતન્યભગવાન જેને વહાલો લાગે તેને દુઃખદાયી એવો રાગ વહાલો કેમ લાગે? ધર્મીને પોતાના આનંદપ્રભુ આત્મા સિવાય બીજાું કાંઈ વહાલું નથી. આ રીતે આત્માનું સ્વરૂપ જાણીને, પરભાવોથી તેની ભિન્નતાનું ભેદજ્ઞાન કરવું તે દુઃખથી છૂટવાની રીત છે.

# ધરણગાંવમાં ધર્મનું સ્વરૂપ

**ફાગણ સુદ સાતમે પૂ. શ્રી કાનજીસ્વામી જલગાંવથી ધરણગાંવ પધાર્યા અને જિનાલયના જિનબિંબોનાં દર્શન બાદ સ. કળશ ૧૨૬ ઉપર પ્રવચન કર્યું, તેનો સાર.**

આ સમયસાર કુંદકુંદાચાર્યદેવે બે હજાર વર્ષ પહેલાં રચ્યું હતું. તેઓ સીમંધર પરમાત્મા પાસે અહીંથી દેહસહિત ગયા હતા, ને તેમની વાણી સાંભળીને આ શાસ્ત્ર રચ્યું છે. તેમાં આત્માના સ્વભાવનું અલૌકિક વર્ણન છે.

આત્માનું નિજરૂપ જ્ઞાન ને આનંદરૂપ છે. શરીરને ધારણ કરવું તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી; રાગ કરવો તે પણ આત્માનું ખરૂં સ્વરૂપ નથી. આત્મા તે ચૈતન્યસ્વરૂપ છે. ચૈતન્યમય આત્મા, અને જડરૂપતા ધરતો રાગ,–એ બંનેને ભિન્નતા છે. આવી ભિન્નતાના ભાન વડે ભેદજ્ઞાન કરતાં પોતાનો ચૈતન્યદેવ પોતામાં જ દેખાય છે. જેવા સર્વજ્ઞ પરમેશ્વર છે તેવો જ મારો આત્મા છે એવું ભેદજ્ઞાન વડે ધર્મીને ભાન થાય છે.

અહો, આવી દિવ્ય શક્તિવાળો આત્મા, તે પોતાના સ્વરૂપને ભૂલીને સંસારની જંજીરમાં ફસાયો છે. પણ નિર્દોષ સ્વભાવનું ભાન કરતાં તે સંસારની જંજીર છૂટી જાય છે. ચેતનતા અને રાગ એ બંને અત્યંત જુદા છે, અંતરમાં ભેદજ્ઞાનના ઉગ્ર અભ્યાસ વડે બંનેની ભિન્નતા થાય છે ને આત્મા આનંદિત થાય છે. ભેદજ્ઞાન આત્માને આનંદરૂપ કરતું પ્રગટ થાય છે. અજ્ઞાની પોતાના પવિત્ર આનંદમય ચૈતન્યભાવને ભૂલીને (ગુંગાનો સ્વાદ લેનારા સુંદરજી રૂપા ભાવસારની માફક) રાગાદિ મલિન ભાવોનો સ્વાદ લે છે ને તે રાગના સ્વાદમાં આનંદ માને છે. તેને આચાર્યદેવ સમજાવે છે કે ભાઈ! આ રાગનો સ્વાદ એ કાંઈ આત્માનો ખરો સ્વાદ નથી. આત્માનો ખરો સ્વાદ રાગ વગરનો, જ્ઞાન ને આનંદમય છે. રાગથી ભિન્ન આત્માના ભેદજ્ઞાન વડે આવા આનંદનો સ્વાદ અનુભવમાં આવે, તેનું નામ ધર્મ છે.

પંચ પરમેષ્ઠી વીતરાગસ્વરૂપ છે, તેમના વીતરાગસ્વરૂપને કદી જીવે ઓળખ્યું નથી, ઓળખ્યા વગર બહારથી પંચપરમેષ્ઠીને માની લ્યે, તેથી કાંઈ સમ્યગ્દર્શન થાય નહીં. આત્માનું વાસ્તવિક સ્વરૂપ અરિહંત ભગવાન જેવું શુદ્ધ છે, તેમાં અંતર્મુખ દ્રષ્ટિ કરીને પ્રતીત કરતાં સમ્યગ્દર્શન થાય છે, આવા સમ્યગ્દર્શન વગર

કદી ધર્મ થાય નહીં. શ્રેણીક રાજાની મહારાણી ચેલણાદેવીને આવા આત્માનું ભાન હતું; અને તેની સાથે યશોધર મુનિરાજ પાસે જઈને શ્રેણીક રાજા પણ ધર્મ પામ્યા હતા. આવા આત્માના ભાનપૂર્વક પછી તીર્થંકરપ્રકૃતિ બાંધી છે અને આવતા ભવમાં તે તીર્થંકર થશે. આવું સમ્યગ્દર્શન કરવું તે ધર્મ છે. રાજપાટમાં હોવા છતાં અને વ્રતાદિ ન હોવા છતાં શ્રેણીક રાજાને સમ્યગ્દર્શન અને આત્મભાન હતું, તેના પ્રતાપે એક ભવમાં તીર્થંકર થઈને, મુનિ થઈને મોક્ષ પામશે. સમ્યગ્દર્શન વગર ગમે તેટલી બીજી ક્રિયા કરે તેનાથી ચાર ગતિ સિવાય બીજું કાંઈ મળે તેમ નથી.

અહો! આત્મા પોતે વિજ્ઞાનઘન ચેતન વસ્તુ છે, રાગ તેમાં પ્રવેશ કરતો નથી. આવા આત્માને ભેદજ્ઞાન વડે જાણીને હે જીવો! તમે આનંદિત થાઓ. આવા ભેદજ્ઞાન વડે જ આત્માનો સાચો આનંદ પમાય છે, પુણ્ય–પાપમાં ક્યાંય સાચો આનંદ નથી. માટે અંતરમાં રાગ અને જ્ઞાનની ભિન્નતાના દારૂણ તીવ્ર પ્રયત્ન વડે ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

## હિંદુ કોણ ?
## જૈન કોણ ?

હિન્દુ વિશ્વધર્મ પરિષદના કેટલાક કાર્યકરો જલગાંવમાં પૂ. શ્રી કાનજી સ્વામી પાસે આવેલા; તે વખતે પૂ. શ્રીએ ધર્મનો સાચો ભાવ સમજાવતાં કહ્યું કે હિંસાથી જે દૂર રહે તેનું નામ 'હિંદુ.' રાગ–દ્વેષ–અજ્ઞાન ભાવ તે હિંસા છે, અને હિંસાથી જે દૂર એટલે કે આત્મજ્ઞાન અને વીતરાગતા પ્રગટ કરે તે ભાવ અપેક્ષાએ હિંદુ કહેવાય છે. તેમણે મોહને જીત્યો તે અપેક્ષાએ 'જૈન' કહેવાય, ને ભાવહિંસાથી તે દૂર થયો તે અપેક્ષાએ 'હિંદુ' પણ કહેવાય. પ્રત્યેક આત્માની સ્વતંત્રતાના સમ્યગ્જ્ઞાન વડે જે વીતરાગતા પ્રગટ કરે તે જીવ ધર્મી છે, પછી તેને કોઈપણ ગુણવાચક નામથી ઓળખી શકાય છે.

# મલકાપુરમાં ચાર દિવસ

[ ફાગણ સુદ ૯ થી ૧૨ સમયસાર ગા. ૭૩ ]

**પૂ. ગુરુદેવ ફાગણ સુદ ૯ના રોજ મલકાપુર પધાર્યા; ભાવભીનું સ્વાગત થયું. બે જિનમંદિરોમાં દર્શન કર્યા. તેમાંથી બડા-જિનમંદિરમાં બિરાજમાન મહાવીરપ્રભુની મોટી પ્રતિમા ૨૧ વર્ષ પહેલાં (સં. ૨૦૦૫માં) વીંછીયા ગામમાં પંચકલ્યાણક વખતે ગુરુદેવના સુહસ્તે પ્રતિષ્ઠિત થઈ હતી. અહીંની ત્રણ બ્રહ્મચારી બહેનો સોનગઢ-બ્રહ્મચર્યાશ્રમમાં રહે છે. ચાર દિવસના કાર્યક્રમ દરમિયાન સમયસાર ગા. ૭૩ ઉપર પ્રવચનો થયા. પ્રથમ મંગલાચરણમાં કહ્યું કે-ધર્મીને પરમાત્મપદ વહાલું છે તેથી આત્મામાં તેને સ્થાપીને મંગળ કરે છે. પરમાત્મપદનો જેને પ્રેમ જાગ્યો તેને રાગનો પ્રેમ રહે નહીં. આ રીતે રાગનો પ્રેમ છોડીને પરમ ચૈતન્યપદનો પ્રેમ (રુચિ-શ્રદ્ધા-અનુભવ) કરવો તે મહાન મંગળ છે.**

દેહથી ભિન્ન ભગવાન આત્મા ચૈતનસ્વરૂપ છે; તે રાગથી જુદા સ્વભાવ વાળો છે. રાગ પોતે પોતાનો પ્રકાશક નથી, પણ ચૈતન્યરૂપ જ્ઞાન પોતે પોતાને, તેમજ પોતાથી ભિન્ન એવા રાગને પણ પ્રકાશે છે. આ રીતે રાગમાં સ્વ–પર પ્રકાશકપણું નથી તેથી તે અચેતન છે. જ્ઞાનમાં જ સ્વ–પર પ્રકાશકપણું છે, તેથી તે જ આત્માનું સ્વરૂપ છે.

આમ જ્ઞાન અને રાગની ભિન્નતાનું ભાન કરીને જે ભેદજ્ઞાન કરે છે તે જીવ પોતાના આનંદને અનુભવે છે, ને રાગાદિભાવોને પોતાથી અન્યપણે દેખે છે. આવા પોતાના આત્માને ધર્મી અનુભવે છે.

રાગમાં ભગવાનપણું નથી, મહિમાવંતપણું નથી, સ્વ–પર પ્રકાશક એવા જ્ઞાનમાં જ ભગવાનપણું છે, તે જ મહિમાવંત છે. તેથી આચાર્યદેવે આત્માને

‘ભગવાન’ કહ્યો છે. આવા પોતાના ભગવાન આત્માને ઓળખે તેને અતીન્દ્રિય આનંદના અમૃત આત્મામાં વરસે છે. અહો! ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવીને વીતરાગી સંતોએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે.

આત્માનું સ્વરૂપ સમજવાની જેને જિજ્ઞાસા છે, દુઃખથી ને દુઃખનાં કારણરૂપ પરભાવોથી છૂટવાની જેને ધગશ છે, અને વિનયથી જે પૂછે છે એવા શિષ્યને આચાર્યદેવ આત્માનું ખરૂં સ્વરૂપ સમજાવે છે. ‘કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ’–એવી જિજ્ઞાસાવાળા જીવને આચાર્યદેવ આ સમયસાર દ્વારા શુદ્ધઆત્મા દેખાડે છે. અહા, જેમને ભગવાનના સીધા ભેટા થયા હતા એવા કુંદકુંદ આચાર્યદેવે નિજવૈભવથી આ અલૌકિક શાસ્ત્રની રચના કરીને જગત ઉપર મોટો ઉપકાર કર્યો છે.

ધર્મી જાણે છે કે હું ચૈતન્યમય આત્મા છું.–કેવો છું? કે સ્વસંવેદનથી પ્રત્યક્ષરૂપ છું. સ્વસંવેદન વડે મેં મારા આત્માને પ્રત્યક્ષ કર્યો છે. પરોક્ષ રહું કે રાગવડે અથવા ઇન્દ્રિયજ્ઞાન વડે જણાઉં એવો હું નથી, એનાથી તો હું ભિન્ન છું–આવા આત્માને સ્વસંવેદનમાં લ્યે ત્યારે સાચા આત્માને જાણ્યો કહેવાય. આ ચૈતન્યસ્વરૂપ આત્મા રાગ અને કર્મ સહિત નથી. છતાં અજ્ઞાની–જીવો તેને તેનાથી સહિત માને છે, બાલીશ એટલે કે અજ્ઞાની જીવો આત્માને પરભાવોથી સહિત જ દેખે છે, તે જ સંસાર–ભ્રમણનું મૂળ છે. ને સર્વે પરભાવોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માને સ્વસંવેદનવડે અનુભવવો તે મોક્ષનું મૂળ છે.

માટે જે દુઃખથી છૂટવા ચાહતા હોય ને મોક્ષસુખને અનુભવમાં લેવા ચાહતા હોય તેઓ પોતાના જ્ઞાનના સ્વસંવેદન વડે આવા આત્માને જાણીને, તેનો અનુભવ કરો, આ જ સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો ને દુઃખથી મુક્ત થવાનો ઉપાય છે.

[ મલકાપુરમાં રાત્રે તત્ત્વચર્ચા પણ સારી ચાલતી હતી; તેમાં ખાસ કરીને યુવાન ભાઈઓ શાસ્ત્રના અભ્યાસ પૂર્વકના પ્રશ્નો પૂછતા હતા. સેંકડો જિજ્ઞાસુઓ પ્રેમથી શ્રવણ કરતા હતા. યુવક વર્ગ તત્ત્વના અભ્યાસમાં આવો રસ ધરાવે છે–તે જોઈને ગુરુદેવે પણ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. )

શિષ્યનો પ્રશ્ન આત્માના ઊંડાણમાંથી ઊગ્યો છે, પુણ્ય–પાપ બંનેથી પાર પોતાનું સાચું તત્ત્વ શું છે તે લક્ષમાં લેવા માંગે છે. મારું પરમ તત્ત્વ આનંદના વૈભવથી ભરેલું છે તેને ભૂલીને શરીર અને રાગવડે આત્માને ઓળખાવવો તે તો કલંક છે, શરમ છે, ઉપાધિ છે. મનુષ્યપણું–દેવપણું–રાગીપણું વગેરેથી ઓળખાવવો

તે આત્માની સાચી ઓળખાણ નથી. આત્મા તો દેહ અને રાગથી પાર એવા સ્વસંવેદનસ્વરૂપ છે. પોતાનો આત્મા જ ચૈતન્ય પરમેશ્વર છે. નાના–નાના બાળકોને પારણામાંથી પણ એવા સંસ્કાર આપવા જેવા છે કે તું શુદ્ધ છો, તું આનંદ છો, તું ચૈતન્ય છો...આવા આત્માની ઓળખાણ કરવી તે જ ધર્મની સાચી વિધિ છે.

અહા, ચૈતન્યતત્ત્વ શુભરાગથી ને પુણ્યથી પણ પાર છે ત્યાં બહારના સંયોગની કે શરીરની તો શી વાત ? શિષ્ય એમ પૂછે છે કે–પ્રભો ! રાગાદિ આસ્રવોથી મારો આત્મા કેમ છૂટે ? આસ્રવોથી છૂટવાની વિધિ શું ? એટલે આસ્રવો પુણ્ય–પાપ તે છોડવા જેવા છે, તે દુઃખદાયક છે–એમ તો માન્યું છે, તેનાથી છૂટવા તો માંગે છે. પુણ્યથી મને ધર્મનો લાભ થશે એવી પક્કડ નથી કરતો. પણ તેનાથી પાર આત્માનું સ્વસંવેદન કરવા માંગે છે. તેને આચાર્યદેવ તેની સાચી રીત બતાવે છે.

આત્મતત્ત્વનું પરમાર્થસ્વરૂપ શું છે તેનો સાચો નિર્ણય કરવો તે જ આસ્રવથી છૂટવાનો ઉપાય છે. આસ્રવોથી ભિન્ન તત્ત્વના સાચા નિર્ણય વગર તેનાથી છૂટવાનો પ્રયત્ન જાગે જ નહીં. ભિન્નતાના ભાનવડે આત્મામાં એકાગ્ર થતાં જ આસ્રવોની પક્કડ છૂટી જાય છે.

[ ફાગણ સુદ ૧૧ નો દિવસ મલકાપુરમાં આનંદકારી હતો. સવારમાં બડા જિનમંદિરમાં કુંદકુંદગુરુના શિષ્ય કાનજી સ્વામીના સુહસ્તે પરમ ભક્તિપૂર્વક શ્રી કુંદકુંદાચાર્યદેવના પવિત્ર ચરણોની સ્થાપના થઈ હતી. સેંકડો ભક્તો મુનિરાજની સ્તુતિ કરતા હતા, ને મલકાપુરના સર્વે ઉત્સાહી મુમુક્ષુઓને ઘણો હર્ષોલ્લાસ હતો; કેમકે પૂ. બહેન શાંતાબેનનો મંગલ જન્મ–દિવસ પણ આજે જ હતો. પ્રવચનમાં ૭૩મી ગાથા દ્વારા સ્વસંવેદનપ્રત્યક્ષ અખંડ આત્માનું સ્વરૂપ ગુરુ સમજાવતા હતા. )

હું સ્વસંવેદનપ્રત્યક્ષ છું, ને દ્રવ્ય–પર્યાયના ભેદ વગરનો એક અખંડ છું. આવો અનુભવ કરનારા સમકિતી જીવ જગતમાં સાચા સુખી છે; તે ચૈતન્યઋદ્ધિના સ્વામી એવા બાદશાહ છે, જગતની બાહ્ય રિદ્ધિથી તે ઉદાસ છે. અંતરની લક્ષ્મીમાં લક્ષને બાંધીને લક્ષપતિ થયા છે, તેથી બહારનું બીજું કાંઈ તે માંગતા નથી. આવા ધર્માત્મા જીવ સ્વ–અર્થમાં એટલે કે પોતાના આત્માને સાધવામાં જ તત્પર છે. એના પેટમાં, એના અંતરમાં પરમેશ્વર બેઠા છે.

ધર્મી જાણે છે કે મારો આત્મા નિર્મમ છે, મમતા રહિત છે; કેમકે પોતાના ચિદાનંદ સ્વભાવથી અન્ય કોઈપણ પરભાવના સ્વામીપણે હું પરિણમતો નથી. હું તો પૂર્ણ જ્ઞાનદર્શનસ્વરૂપે જ મારા આત્માને અનુભવું છું.

આત્માના અનુભવમાં રાગ વગરનો જે પરમ પુરુષાર્થ છે, જે આનંદ છે, તેને અજ્ઞાની ઓળખતો નથી. આત્મા કર્તા, પર્યાય તેનું કાર્ય–ઇત્યાદિ છ કારકના ભેદના જે વિકલ્પ તે આત્માના સ્વરૂપમાં નથી. તે વિકલ્પના સ્વામીપણે ધર્મીજીવ પરિણમતો નથી. આજે કુંદકુંદપ્રભુના ચરણની અહીં જિનમંદિરમાં સ્થાપના કરી, તે તો ભક્તિનો એક ભાવ છે; કુંદકુંદ પ્રભુએ સમયસારમાં રાગથી પાર જે શુદ્ધ ચૈતન્યતત્ત્વ બતાવ્યું અને પોતે અનુભવ્યું તેવું ઓળખીને પોતામાં સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરવા તે કુંદકુંદપ્રભુના ચરણની પરમાર્થ સ્થાપના છે. કુંદકુંદપ્રભુના આત્માએ જે કર્યું તેવો ભાવ પોતામાં પ્રગટ કરવો તે જ સાચી સ્થાપના છે. કુંદકુંદપ્રભુ તો વીતરાગભાવરૂપ પરિણમેલા આત્મા હતા, તેમની ખરી સ્થાપના ( ખરી ઓળખાણ ) વીતરાગભાવમાં જ થાય છે; રાગથી જુદું જે વીતરાગી–જ્ઞાન, તેના વડે જ આત્માના સ્વભાવની અને પંચ પરમેષ્ઠીની ઓળખાણ થાય છે; ને સાચી ઓળખાણપૂર્વકની સ્થાપના તે જ સાચી સ્થાપના છે. ઓળખાણ વગર સ્થાપના કોની ?

રાગ વડે ધર્મ થશે એમ કુંદકુંદભગવાને કહ્યું નથી, છતાં રાગવડે ધર્મ થવાનું જે માને તેણે કુંદકુંદભગવાનને ઓળખ્યા નથી; કુંદકુંદભગવાનને પોતાના અંતરમાં તેણે સ્થાપ્યા નથી, એણે તો રાગને પોતાની રુચિમાં સ્થાપ્યો છે. ભાઈ, રાગને અમે આત્મા કહેતા નથી. સાચો આત્મા તારે અનુભવમાં લેવો હોય તો રાગની પ્રીતિ છોડ, રાગનું સ્વામીત્વ છોડ, અને સ્વસંવેદન વડે આત્માને પ્રત્યક્ષરૂપ કરીને તેમાં જ સ્વામીત્વ કર જગતથી ભિન્ન હું પારમાર્થિક ચૈતન્યવસ્તુ છું–એમ ધર્મી પોતાને અનુભવે છે.

અનુભવ માટે પહેલાં તત્ત્વનો સાચો નિર્ણય કરવો જોઈએ. આત્માનું યથાર્થ શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં લઈને તેનો અનુભવ થાય છે. જ્ઞાન જ ભૂલવાળું હોય ત્યાં સાચો અનુભવ થાય નહીં. સાચું જ્ઞાન અને સાચો નિર્ણય થતાં જ આખો અભિપ્રાય પલટી જાય છે, આખી લાઈન બદલી જાય છે, અંદરનું જીવન બદલી જાય છે, પહેલાં અજ્ઞાનીપણે શરીરથી ને રાગથી પોતાનું જીવન માનતો હતો; જ્યાં ભાન થયું કે હું તો ચૈતન્યમય છું, મારું જીવન રાગથી કે શરીરથી નહીં પણ ચૈતન્યવડે જ મારું અનાદિ અનંત જીવન છે.–આવું ભાન થતાં ચૈતન્યભાવરૂપે જ પોતાને દેખે છે–અનુભવે છે; રાગાદિ ભાવોરૂપે પોતાને અનુભવતો નથી.–આવી દશા થાય ત્યારે તે જીવ ધર્મી થયો કહેવાય.

આત્મા પોતે પોતાને દેખે–જાણે–અનુભવે એવા સ્વભાવવાળો છે. આત્મા એવો આંધળો–જડ નથી કે પોતે પોતાને ન જાણે. આત્મા એવી ચીજ છે કે જેને

જાણતાં આનંદનું વેદન થાય છે. જડ પદાર્થોમાં જ્ઞાન કે આનંદ નથી, તેમ તે જડ પદાર્થના લક્ષે જ્ઞાન અટકે તો તે સાચું જ્ઞાન નથી ને તેમાં આનંદ પણ નથી. પોતાનો શુદ્ધસ્વભાવ, તેના લક્ષે આનંદ છે, ને તે પોતે આનંદસ્વરૂપ છે. તેમાં ગુણ–ગુણી વગેરેનો ભેદ પાડતાં આનંદનો અનુભવ થતો નથી પણ રાગના વિકલ્પનું ઉત્થાન થાય છે. જ્ઞાનની તાકાત મહાન છે, તે આખા જગતનું માપ કરી લ્યે છે; રાગમાં કે વિકલ્પમાં એવી તાકાત નથી. વિકલ્પને પોતામાં આવવા દીધા વગર જ્ઞાન તેને જાણી લ્યે–એવી જ્ઞાનની તાકાત છે.

આવા જ્ઞાનસ્વભાવવાળો આત્મા સ્વયં પોતે આનંદસ્વરૂપ છે; બાહ્ય વિષયો વગર આત્મા પોતે સ્વભાવથી જ આનંદરૂપ છે. જેમ કે–કોઈ માણસ શાંતિથી બેઠો હોય, સ્પર્શ–રૂપ–રસ વગેરે કોઈ વિષયો ભોગવતો ન હોય; કોઈ પૂછે કે–કેમ છો ? તો કહે કે આનંદમાં છું.–એટલે કે બાહ્ય વિષયો વગર એકલા આત્મામાં આનંદનું અસ્તિત્વ હોવાનું તે સ્વીકારે છે. આવા જ્ઞાનાનંદસ્વરૂપ નિજાત્માને ભૂલીને, રાગાદિ વિકલ્પોને જ પોતાનું સ્વરૂપ માનીને અજ્ઞાનથી તેની પક્કડ કરી છે, તે જીવને જ આસ્રવ અને દુઃખ છે. પણ જ્યાં ભાન થયું કે હું તો ચૈતન્યસમુદ્ર છું, રાગાદિ વિકલ્પો મારું સ્વરૂપ નથી,–આવું ભેદજ્ઞાન થતાં આત્માએ આસ્રવની પક્કડ છોડી દીધી એટલે તે આસ્રવરહિત થયો. આ રીતે ભેદજ્ઞાનના બળથી ધર્મીને આસ્રવો છૂટી જાય છે. માટે આવું ભેદજ્ઞાન પ્રશંસનીય છે. દરેક જીવે આવા ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.

*  *  *

[ મલકાપુરમાં ચારે દિવસ સંઘના બધા ભાઈ–બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો; શ્વેતાંબર સમાજના ભાઈઓ પણ પ્રેમથી લાભ લેતા હતા. ગુરુદેવનો ઉતારો પણ શ્વેતાંબર–ઉપાશ્રયમાં હતો. રાત્રિચર્ચામાં તત્ત્વના સેંકડો પ્રશ્નો ચર્ચાયા હતા. ચર્ચામાં નાના–નાના બાળકો અને યુવાનો વિશેષ ભાગ લેતા હતા. નાનકડા બાળકોને ઉત્સાહથી સમ્યગ્દર્શનની, મોક્ષની ને નિશ્ચય–વ્યવહાર વગેરેની ચર્ચા કરતાં દેખીને હર્ષ થતો હતો. મલકાપુરનું મુમુક્ષુમંડળ ઉત્સાહી છે. વિશેષ વાત એ છે કે પૂ. શ્રી કાનજીસ્વામીનાં ઉપદેશથી પ્રભાવિત થઈને અહીંના ભાઈઓએ કુદેવપૂજા વગેરે કુરીવાજો છોડીને સત્યમાર્ગ પ્રત્યે ભક્તિ પ્રગટ કરી છે. ) *

# ખંડવા શહેરમાં ચાર દિવસ

મલકાપુરમાં ચાર દિવસનો કાર્યક્રમ આનંદથી પૂરો થતાં ફાગણ સુદ ૧૩ ની સવારે પૂ. ગુરુદેવ ખંડવા શહેર પધાર્યા; ઉલ્લાસપૂર્વક ઠાઠમાઠથી ભવ્ય સ્વાગત થયું. ભવ્ય જિનાલયમાં અનેક પ્રાચીન જિનબિંબો બિરાજમાન છે; મનોજ્ઞ જિનબિંબોનાં દર્શન કરતાં આનંદ થાય છે. જિનમંદિરમાં દર્શન બાદ સામેના વિશાળ મંડપમાં સ્વાગતગીત પછી બે–ત્રણ હજાર શ્રોતાજનોની સભામાં મંગલ–પ્રવચનરૂપે ગુરુદેવે કહ્યું કે–

આત્માનો ચૈતન્યસ્વભાવ તે સાર છે, જગતના તત્ત્વોમાં શુદ્ધઆત્મા સાર છે, તે જ મંગળરૂપ છે; તેમાં અંતર્મુખ થતાં હિત થાય છે, આનંદ થાય છે. જગતના જડ પદાર્થોમાં અને સંસારી અજ્ઞાની પ્રાણીઓમાં સાચું જ્ઞાન નથી, સુખ નથી, તેની સન્મુખ થઈને તેને જાણતાં જાણનારને પણ સાચું જ્ઞાન નથી, સુખ નથી. આત્માનો જે સહજ સ્વભાવ છે તેને જાણતાં સાચું જ્ઞાન ને અતીન્દ્રિય સુખ છે, કેમકે તે પોતે જ્ઞાન ને સુખસ્વરૂપ છે. આત્માનો આવો સ્વભાવ તે સાર છે; સમયસારની શરૂઆતમાં તેને નમસ્કાર કર્યા છે. નમવું એટલે તેમાં અંતર્મુખ થવું; તેમાં અંતર્મુખ થતાં જે જ્ઞાન–આનંદરૂપ દશા પ્રગટે તે મંગળ છે.

ખંડવાનો જૈનસમાજ ખૂબ ઉત્સાહી અને વાત્સલ્યવંત છે. અહીંની ચાર બહેનો સોનગઢના બ્રહ્મચર્યાશ્રમમાં રહે છે. સિદ્ધવરકૂટતીર્થ અહીંથી માત્ર ૪૦ માઈલ દૂર છે. ખંડવા શહેર પ્રવચનમાં સમયસાર–કર્તાકર્મ અધિકારની ગા. ૬૯–૭૦ વંચાણી હતી. રાત્રે તત્ત્વચર્ચા પણ સરસ ચાલતી હતી. સમ્યક્ત્વ શું, ચારિત્ર શું? વગેરેનું સ્વરૂપ ચર્ચાયું હતું.

જડ–ચેતનની ભિન્નતા, તેમજ રાગ અને જ્ઞાનની ભિન્નતા સમજાવતાં પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે–આત્મા પોતે ચેતનસ્વરૂપ વસ્તુ છે; તે પોતાના ચેતનસ્વરૂપને ભૂલીને રાગાદિ પરભાવનો કર્તા થાય તે અજ્ઞાન છે, તે સંસાર છે. જડની ક્રિયા મારી એમ અજ્ઞાનથી જીવ માને છે, પણ જડની ક્રિયારૂપે આત્મા ત્રણકાળમાં થતો નથી.

ચૈતન્યમય સ્વ–વસ્તુની અપેક્ષાએ રાગ–પુણ્ય–પાપ તે પરવસ્તુ છે, ચૈતન્ય સાથે તેને એકતા નથી. આવું ભેદજ્ઞાન કરે ત્યારે જીવ ચેતનભાવરૂપે જ પોતાને અનુભવતો થકો રાગાદિ પરભાવોને જરાપણ પોતાના કરતો નથી, એટલે તેને બંધન પણ થતું નથી. આ રીતે ભેદજ્ઞાન તે મોક્ષનો ઉપાય છે.

આત્માને અને જ્ઞાનને એકપણું છે, ભિન્નતા નથી; એટલે જ્ઞાન તે હું–એમ અનુભવતો થકો જીવ જ્ઞાનક્રિયાને કરે છે, જાણવારૂપે પરિણમે છે.–તે તો બરાબર છે, જીવનું એવું સ્વરૂપ જ છે; પણ જ્ઞાનની જેમ ક્રોધાદિમાં પણ આ ક્રોધ હું છું, આ ક્રોધ મારું કાર્ય છે, એમ અજ્ઞાનભાવે જીવ વર્તે છે; ખરેખર ક્રોધાદિ તે જ્ઞાનનું કાર્ય નથી છતાં અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને તે ક્રોધાદિરૂપે પોતાને અનુભવે છે. આવું અજ્ઞાન તે જ સંસારનું મૂળ છે.

અનંતવાર શુભભાવ કરવા છતાં અજ્ઞાનને લીધે જીવ સંસારમાં જ રખડયો, પોતાનું સિદ્ધસમાન ચેતનરૂપ છે તેને જાણ્યું નહીં, ને શરીરને કે રાગની ક્રિયાને પોતાનું સ્વરૂપ માનીને મિથ્યાદ્રષ્ટિ જ રહ્યો. પંચમહાવ્રતાદિ શુભભાવ કરવા છતાં 'નિજ આત્મજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.'–પંચમહાવ્રત કરવા છતાં જરાપણ સુખ ન પામ્યો, દુઃખ જ પામ્યો.–એનો અર્થ એ થયો કે પંચમહાવ્રતનો શુભરાગ તે સુખનું કારણ નથી એટલે મોક્ષનું કારણ નથી.

૧૪૮ કર્મપ્રકૃતિમાંથી કોઈપણ પ્રકૃતિ જે ભાવથી બંધાય તે ભાવ આત્માને સુખનું કારણ નથી; બંધન જેનાથી થાય તે ભાવને તો અપરાધ કહ્યો છે; ભગવાને જેને અપરાધ કહ્યો, તે શુભરાગને અજ્ઞાની મોક્ષનું સાધન માને છે. રાગાદિ ભાવોની ક્રિયા તે આત્માની સ્વભાવિક ક્રિયા નથી એટલે કે આત્માની ધર્મક્રિયા નથી, મોક્ષના કારણરૂપ તે ક્રિયા નથી. રાગથી ભિન્ન એવી જે જ્ઞાનક્રિયા તે જ આત્માની સ્વાભાવિક ક્રિયા છે, તે જ ધર્મક્રિયા છે, તે જ મોક્ષના કારણરૂપ ક્રિયા છે.

ચર્ચામાં એક પ્રશ્ન થયો કે સમ્યગ્દ્રષ્ટિને જે રાગ થાય છે તેનું દુઃખ છે કે નહીં ?

જે રાગ છે તે દુઃખ છે, ધર્મી તેને દુઃખરૂપ જાણે છે. પણ વિશેષતા એટલી છે કે ધર્મીની જે જ્ઞાનપરિણતિ છે તેમાં દુઃખ નથી, દુઃખ તો તે જ્ઞાનપરિણતિનું પરજ્ઞેય છે. સુખનો અનુભવ તો જ્ઞાન સાથે તન્મય છે ને દુઃખનું વેદન જ્ઞાનથી જુદું છે.

**પ્રશ્નઃ**- સ્વાધ્યાયનો રંગ કેવી રીતે લાગે ?

**ઉત્તરઃ**- જેમ ભૂખ લાગે તેને ખાવાનો રસ આવે, તેમ જેને આત્માની ભૂખ લાગે, ધગશ જાગે તેને આત્માના હિત માટે વીતરાગી શાસ્ત્રની સ્વાધ્યાયનો રંગ લાગે.

**પ્રશ્નઃ**- સમ્યગ્દર્શન થયું તેની ખબર કેમ પડે ?

**ઉત્તરઃ**- સમ્યગ્દર્શનની સાથે જ અપૂર્વ નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે; પોતાને

અતીન્દ્રિય આત્મિક આનંદનો અનુભવ થયો ત્યાં ખબર પડી કે આ આનંદ આત્માનો છે; આત્મા અનુભવમાં આવ્યો, આત્મા શ્રદ્ધામાં–જ્ઞાનમાં આવ્યો, તેની પોતાને નિઃશંક ખબર પડે છે. આત્મા આંધળો નથી કે પોતાના અનુભવની પોતાને ખબર ન પડે.

**પ્રશ્નઃ–** સમ્યગ્દ્રષ્ટિને પોતાના સમ્યક્ત્વમાં શંકા પડે?

**ઉત્તરઃ–** ના; હું સમ્યગ્દ્રષ્ટિ છું કે નહીં–એમ જેને શંકા પડે તે સમ્યગ્દ્રષ્ટિ હોય જ નહીં.

**પ્રશ્નઃ–** સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને વિદેહક્ષેત્રમાં જન્મે ?

**ઉત્તરઃ–** હા, સ્વર્ગના સમ્યગ્દ્રષ્ટિ દેવો મરીને વિદેહક્ષેત્રમાં પણ જન્મે છે. સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય મરીને વિદેહક્ષેત્રમાં જન્મે નહીં; તેમજ વિદેહક્ષેત્રના સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને ભરતક્ષેત્રમાં અવતરે નહીં.

**પ્રશ્નઃ–** સમ્યગ્દ્રષ્ટિ જીવ સદેહે વિદેહક્ષેત્રમાં જાય ?

**ઉત્તરઃ–** હા; કુંદકુંદમુનિરાજ સંદેહે વિદેહમાં ગયા હતા.

**પ્રશ્નઃ–** વિદેહમાં કેમ જવાય ?

**ઉત્તરઃ–** દેહથી ભિન્ન એવા આત્માનું ભાન કરતાં 'વિદેહ' એવા આત્મધામમાં જવાય છે. આત્મા પોતે દેહથી રહિત હોવાથી તે 'વિદેહ' છે, ને અંતરના સ્વાનુભવ વડે તેમાં જવાય છે. બહારમાં વિદેહક્ષેત્રમાં જવાનું શું પ્રયોજન છે? બહારના ક્ષેત્રથી વિદેહમાં જાય તેટલાથી કાંઈ લાભ થઈ જતો નથી; અંતરમાં દેહ વગરનું એવું જે વિદેહી ચૈતન્યસ્વરૂપ, તેમાં નજર કરે તો આત્માનો લાભ થાય.

[ ફાગણ સુદ પુનમે બપોરે જિનમંદિરની એક વેદી ઉપર બાહુબલી ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા પૂ. કાનજીસ્વામીના સુહસ્તે થઈ હતી. ખંડવાથી સિદ્ધવરકૂટ અને બડવાની પાવાગિર–ઉન સિદ્ધક્ષેત્રો નજીક હોવાથી અનેક ભાઈ–બહેનો આનંદથી ત્યાંની યાત્રા કરી આવ્યા હતા. પૂ. બેનશ્રી–બેન પણ સિદ્ધવરકૂટની યાત્રા કરવા પધાર્યા હતા; અને ઉમંગભરી યાત્રા ઉપરાંત ત્યાં ચાર અનુયોગમય જિનવાણીની મંગલ સ્થાપના પણ કરી હતી. ખંડવામાં આનંદ–ઉત્સવનું વાતાવરણ હતું. ભોપાલથી શ્રી મિશ્રીલાલજી ગંગવાલ, ઇંદોરથી શેઠ દેવકુમારજી વગેરે, તેમજ આસપાસના ગામોના અનેક મુમુક્ષુઓ પ્રવચનનો લાભ લેવા આવ્યા હતા, પ્રવચનમાં ગુરુદેવ ભેદજ્ઞાનનું ઘોલન કરાવીને સમ્યક્ત્વની રીતે સમજાવતા હતા. )

આત્મામાં સર્વજ્ઞસ્વભાવ ભરેલો છે. તે સ્વભાવની સન્મુખ થતાં જે જ્ઞાનક્રિયા થાય તેમાં આત્માની એકતા છે, તે આત્માનું સ્વરૂપ છે, તે મોક્ષનું કારણ છે, તેથી

તેનો નિષેધ નથી. પણ જ્ઞાનથી વિરુદ્ધ એવી જે ક્રોધાદિ પરભાવોની ક્રિયા તે આત્માનું સ્વરૂપ નથી, તે બંધનું કારણ છે, તેથી મોક્ષના માર્ગમાં તે ક્રિયાનો નિષેધ છે.

પુણ્યવંત હાથી વગેરેના કપાળમાં મુક્તાફળનાં મોતી (ગજમોતી) પાકે છે. લડાઈમાં જ્યારે તે હાથી મરે અને તેના શરીરના માંસ સાથે મુક્તાફળનાં મોતી પણ વેરાઈ જાય, ત્યારે કાળા કાગડા તો તે મુક્તાફળને છોડીને માંસ થાય છે; પણ માનસરોવરના ધોળા હંસલા તો સાચા મોતીનો ચારો ચરે છે. તેમ ચૈતન્યપ્રભુ આત્મા આનંદથી ભરપૂર સમુદ્ર, તેમાં અનંત પવિત્ર ગુણરૂપી રત્નો છે; શરીર તો માંસનો પિંડલો છે ને ક્રોધાદિ પરભાવો પણ મલિન વિકારી ભાવ છે; ત્યાં સમ્યગ્દ્રષ્ટિ હંસલા તો વિવેક વડે ચૈતન્યગુણરૂપી રત્નોને અંગીકાર કરે છે; પણ મિથ્યાદ્રષ્ટિ જીવો કાગડાની જેમ અવિવેકથી ક્રોધાદિ પરભાવો રૂપે જ પોતાને અનુભવે છે ને જડ શરીરની ક્રિયાઓને પોતાની માને છે. આચાર્યદેવ તેને ભેદજ્ઞાન કરાવીને જડથી જુદું પરભાવોથી પણ જુદું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમજાવે છે. એવા સ્વરૂપને દ્રષ્ટિમાં લેતાં જ રાગ વગરના અતીન્દ્રિય આનંદનું વેદન થાય છે.

આત્માનો સ્વભાવ તો જ્ઞાનભવનરૂપ છે, જ્ઞાનરૂપે થઈને સ્વ–પરને જાણે એવી જ્ઞાનપ્રવૃત્તિ તે તો આત્માનું સ્વરૂપ છે; પણ પોતાના એવા સ્વભાવરૂપે ન પરિણમતાં, રાગાદિ પરભાવો સાથે એકતાબુદ્ધિરૂપ અજ્ઞાનને લીધે જીવ ક્રોધાદિ પરભાવોમાં પ્રવર્તે છે; તે જ દુઃખ અને સંસારનું કારણ છે.

તે ક્યારે છૂટે? એ વાત આચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે. આત્મા શું? એનો સ્વભાવ શું? અને એનાથી વિરુદ્ધ એવા રાગાદિ પરભાવ શું? તેની ઓળખાણ અને જુદાપણાનો વિવેક કરીને, પરભાવથી ભિન્ન વર્તવું–તે મોક્ષનો ઉપાય છે.

[ જૈન ઉપરાંત અજૈન જિજ્ઞાસુઓ પણ પ્રવચનનો લાભ લેવા આવતા હતા. મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શ્રી ભગવંતરાવ મંડલોઈ પણ ગુરુદેવના દર્શન તથા પ્રવચનનો લાભ લેવા આવ્યા હતા; ને ગુરુદેવના હસ્તે તેમને જૈનબાળપોથી વગેરે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. )

ફાગણ વદ એકમના દિવસે ધૂળેટીના કારણે ચારેકોર રંગના છંટકાવની ધમાલ હોવાથી સવારનું પ્રવચન બંધ હતું. આ બાજુ મધ્યપ્રદેશમાં હોળીનું ગાંડપણ વિશેષ દેખાય છે. નગરીમાં ચારેકોર લાલ–લીલા રંગ અને કાદવથી જ્યારે મલિનતા છવાયેલી

હતી, ત્યારે ગુરુદેવના ઉતારે વીતરાગી જ્ઞાનગંગાનો પવિત્ર પ્રવાહ વહેતો હતો અને આધ્યાત્મિક ચર્ચાઓથી સેંકડો મુમુક્ષુઓનું દિલ ધર્મસંસ્કારોથી રંગાતું હતું. ખંડવામાં દિ. જૈનસમાજના ૭૦૦ ઘર છે, તેમાં વાતાવરણ ઉત્સાહી અને સંપીલું છે; શ્રાવિકાસંઘ પણ સારો અભ્યાસ ધરાવે છે. અહીં ચાર દિવસનો કાર્યક્રમ પૂરો થતાં સાંજે પાંચ વાગે રતલામ જવા માટે પ્રસ્થાન કર્યું. વચ્ચે સીમરોલ ગામે રાત્રે મુકામ કરીને ફાગણ વદ બીજની સવારમાં રતલામ શહેર તરફ પ્રસ્થાન કર્યું; વચ્ચે બદનાવર, જેનું અસલી નામ વર્ધમાન હતું તે ગામે બસો જેટલા જિજ્ઞાસુ ભાઈ–બેનો રસ્તામાં દર્શન માટે ઊભા હતા. અહીં શ્વે. સમાજના ૧૨૫ ઘર અને દિ. સમાજના ૪ ઘર છે. પ્રાચીન જિનાલય છે. સમસ્ત જૈનસમાજે ઉત્સાહથી ગુરુદેવનું સન્માન કર્યું. અને પાંચ મિનિટના મંગળમાં આત્માના આનંદની વાત સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે–ભગવાન અરિહંત અને સિદ્ધ પરમાત્માને જે પૂર્ણ આનંદ પ્રગટયો તે આત્મામાંથી પ્રગટયો છે અને દરેક આત્મામાં એવો અતીન્દ્રિય આનંદ છે. આત્માના આવા અતીન્દ્રિય આનંદસ્વભાવની પ્રતીત કરીને તે પ્રગટ કરવાની ભાવના કરવી અને રાગાદિની ભાવના છોડવી તે મંગળ છે.

એ રીતે બદનાવરમાં માંગળિક સંભળાવીને રતલામ પધાર્યા.

*

## આ જીવન બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા

પૂ. ગુરુદેવ વઢવાણ પધાર્યા ત્યારે, ફાગણ વદ ૯ ના રોજ વઢવાણના મણિયાર ધરમશી હરજીવનના સુપુત્રી શાંતાબેને આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા ગુરુદેવ સમક્ષ અંગીકાર કરી હતી તેમની એક મોટીબહેન (બ્ર. લલિતાબેન) લગભગ પચીસ વર્ષથી સોનગઢ બ્રહ્મચર્યાશ્રમમાં રહે છે. શાંતાબેનની ઉંમર ૩૦ વર્ષની છે, તેઓ સુશિક્ષિત છે ને સ્કુલમાં ભણાવે છે; અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લ્યે છે. આ શુભકાર્ય માટે તેમને ધન્યવાદ. પોતાની વૈરાગ્ય–ભાવના પુષ્ટ કરીને, જ્ઞાનના અભ્યાસવડે તેઓ આત્મહિત સાધે–એવી શુભેચ્છા.

# 卐 રતલામ શહેરમાં બે દિવસ 卐

[ પૂ. ગુરુદેવ રતલામ શહેરમાં પહેલી જ વાર પધાર્યા; જૈન સમાજનો ઉત્સાહ પણ અનેરો હતો. એક લાખની વસ્તીમાં દિ. જૈનોના ૧૨૫ ઘર, અને શ્વે. જૈનોના કુલ ૧૫૦૦ (દોઢ હજાર) જેટલા ઘર છે; ગુરુદેવ ફાગણ વદ બીજની સવારમાં રતલામ પધારતાં સમસ્ત જૈન સમાજે એક થઈને ઉત્સાહથી ભાવભીનું સ્વાગત કર્યું. શ્વે. સમાજની બેન્ડપાર્ટી પણ સ્વાગતમાં સામેલ થઈ હતી. સૌથી આગળ ધર્મધ્વજ, પછી ૧૦૮ કુમારિકા બહેનો મંગળ કળશ સહિત હતી, યુવાનો ઉત્સાહથી ભજન અને જયજયકાર કરતા હતા. રતલામના જૈનસમાજને માટે ધન્યવાદ અપાવે એવી સુંદર વ્યવસ્થા ને સુંદર સ્વાગત હતું. ચાંદની ચોકમાં જિનમંદિર પાસે વિશાળ મંડપ શ્રોતાજનોથી ભરચક ભરાઈ ગયો હતો. સ્વાગતવિધિ બાદ મંગલપ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે –

ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે; શક્તિમાં પૂર્ણ આનંદ છે, તેના આશ્રયે તે આનંદ પ્રગટે છે. જિનેન્દ્રદેવ પરમાત્મા કહે છે કે આત્મા અતીન્દ્રિય આનંદરૂપ છે. ભગવાનને જે અનંત અતીન્દ્રિય આનંદ પ્રગટયો તે કાંઈ બહારથી નથી આવ્યો; અંદર આત્મામાં હતો તે જ પ્રગટયો છે. રાગથી પાર વીતરાગી આનંદથી ભરેલો દરેક આત્માનો સ્વભાવ છે.

અહો, આત્માના આવા વીતરાગસ્વભાવનો મહિમા આજે સાંભળ્યો, અને તે સ્વભાવની લગની લાગી. ધર્મી જીવ દુનિયાની દરકાર અને લોકલાજ છોડીને આત્માની જ લગની કરે છે. દુનિયા તો દુનિયા પાસે રહી, દુનિયા પાસેથી અમારે કાંઈ લેવું નથી, અમને તો અમારા આત્માના આનંદના અનુભવની લગની લાગી છે; તે લગની હવે કદી છૂટવાની નથી. આત્માની લગની આડે દુનિયાનું લક્ષ છોડી દીધું છે.

આત્માની આવી લગની લગાડીને તેની સન્મુખ થતાં જે આનંદનો સ્વાદ આવે તેનું નામ ધર્મ છે, અને તે અપૂર્વ મંગળ છે. પોતાના આત્માના સ્વભાવની સન્મુખ થતાં જે સમ્યગ્જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની કળા ખીલે તે ધર્મ છે.

વિભાવથી વિમુખ થઈને સ્વભાવની સન્મુખતા એક ક્ષણ પણ જીવે કરી નથી. આત્મા પોતે સત્ વસ્તુ છે, તે પાસે આનંદથી ભરપૂર છે. જેમ સુગંધી કસ્તુરીમૃગની ડૂંટીમાં જ ભરી છે પણ બહાર ઢૂંઢે છે, કસ્તુરીમૃગની જેમ આત્મામાં આનંદની કસ્તુરી ભરી છે, પણ પોતાની નિધિને ભૂલીને તે બહારમાં શોધે છે. અંદરના સ્વભાવને

લક્ષમાં લ્યે તો આનંદનો સમુદ્ર મધ્યબિંદુથી ઉલ્લસે છે, તે આનંદને માટે બહારના કોઈ સાધનની કે રાગની જરૂર પડતી નથી. આવા આત્માને જ 'ભગવાન' કહેવાય છે. આવા ભગવાન આત્માને ઓળખવો. તેની રુચિ કરવી, તેનો અનુભવ કરવો તે અપૂર્વ મંગળ ધર્મ છે.

ગુરુદેવનો ઉતારો શિવાજી કોઠીમાં હતો. ગુરુદેવના દર્શન–પ્રવચનનો લાભ લેવા ઉજ્જૈન–ભોપાલ–ઇન્દોર વગેરેથી હજારો જિજ્ઞાસુઓ આવ્યા હતા. મધ્યપ્રદેશના મંત્રીજી પણ આવ્યા હતા. અહીં કુલ પાંચ દિ. જિનમંદિરો છે. પ્રવચનમાં ૪–૫ હજાર શ્રોતાજનો જિજ્ઞાસાથી શ્રવણ કરતા હતા. સમયસારની ૭૩ મી ગાથા વંચાતી હતી; અને સંપ્રદાયના હઠ–વિકલ્પોથી પાર ચિદાનંદસ્વરૂપ આત્મા જિનેશ્વરદેવે કેવો કહ્યો છે તે ગુરુદેવ સમજાવતા હતા.

આત્માનો સ્વભાવ રાગથી ભિન્ન અને પોતાના જ્ઞાન–દર્શન સ્વભાવથી પરિપૂર્ણ છે. આવા પોતાના આત્માનો અંતરમાં નિર્ણય કરવો જોઈએ. આત્મા કેવો છે? કે સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ જ્ઞાનજ્યોતિ છે. ઇન્દ્રિયો વગર, રાગ વગર, પોતાના જ્ઞાનથી જ સ્વસંવેદનપ્રત્યક્ષ છે. 'આત્મા આવો છે' એમ પહેલાં નક્કી તો કરો, પછી તેમાં અંતર્મુખ થતાં અનુભવ એટલે કે સમ્યગ્દર્શન થાય છે. નિર્વિકલ્પ આનંદની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. તે કેમ પ્રગટે તેની આ વાત છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ પોતે સુખથી ભરેલો છે, તેની જેને ખબર નથી ને બહારથી સુખ લેવાનું માને છે, પોતાના સુખ માટે બહારની વસ્તુ માંગે છે, તે જીવ માંગણ છે, ભિખારી છે. અનંતી સુખનિધિ પોતામાં ભરી છે તેને તો ભોગવતો નથી, જાણતો નથી, ને બીજા મને સુખ આપે. પૈસા હોય તો મને સુખ મળે, ઘર હોય, વસ્ત્ર હોય, સ્ત્રી–પુત્ર હોય તો મને સુખ મળે–એમ માનનારો જીવ દીન પરાધીન છે. નિજનિધાનને જાણનાર જ્ઞાની તો જાણે છે કે જગતના કોઈ પદાર્થનો અંશ પણ મારે જોઈતો નથી, મારું સુખ તો મારામાં છે. એ રીતે તે જગતથી ઉદાસ છે. પરથી ભિન્ન એવા નિજસ્વભાવને ઓળખ્યા વગર જગત પ્રત્યે સાચી ઉદાસીનતા કે સાચો વૈરાગ્ય થાય નહીં.

આત્માના અનુભવ વગર જીવે અનંતકાળમાં શુભાશુભ ભાવો જ કર્યા છે, પણ ધર્મ તો શુભાશુભથી જુદી જાત છે; આત્માનું સમ્યગ્દર્શન રાગ વગરનું ચિદાનંદ–સ્વભાવની શ્રદ્ધારૂપ છે. આ વાત ઊંચી છે; પણ ઊંચીનો એવો અર્થ નથી કે ન થઈ શકે. આત્માના અવલંબન વગર દિવ્યધ્વનિનું શ્રવણ પણ જીવને ધર્મને માટે લાભકારી

ન થયું. સમ્યગ્દર્શન દિવ્યધ્વનિના આશ્રયે નથી, સમ્યગ્દર્શન તો આત્માના ભૂતાર્થ સ્વભાવના જ આશ્રયે છે. આવા સ્વભાવનો આશ્રય કરનારા સમકિતી જ જગતમાં સુખીયા છે. બાકી આત્મભાન વગરના દેવો પણ દુઃખિયા છે, ને રાજા પણ દુઃખિયા છે. ભાઈ, આવા અવસરમાં તારા આત્માની ઓળખાણ નહીં કર તો જીંદગી પૂરી થતાં ક્યાં જઈને ઉતારા કરીશ? આત્માના જ્ઞાનસ્વભાવ સિવાય બીજે ક્યાંય શાંતિ કે વિસામાનું સ્થાન નથી.

સમ્યગ્દર્શન થતાં જીવ જાણે છે કે મારો આત્મા આ દેહથી પાર ચેતનરૂપ, સિદ્ધસમાન છે, તેનું ભાન થતાં મારી જ્ઞાનચેતના જાગી છે. જે વ્યાવહારિક–અશુદ્ધભાવો તેનો સ્વામી હું નથી, તેમાં તન્મય હું નથી.–આવી અનુભવકળા વડે અલ્પકાળમાં જન્મ–મરણ મટી જાય છે.

અહો, જગતમાં આત્માને જાણનારા જીવો થોડા વિરલા જ છે. ઘણા જીવો આત્માના જ્ઞાન વગર ધર્મના નામે વિખવાદ ઊભો કરે છે. આત્મા શું ચીજ છે તેનો સાચો નિર્ણય તો પહેલાં કરો. સાચો નિર્ણય કરે તો રાગમાં ધર્મની બુદ્ધિ ન રહે. અરે ભાઈ! એકવાર આવા આત્માની ઓળખાણ તો કર. જડ દેહનો સ્પર્શ અરૂપી આત્માને નથી, રાગનો પણ સ્પર્શ ચૈતન્યસ્વરૂપમાં નથી. ચૈતન્યભાવ રાગરૂપ નથી, ને રાગ ચૈતન્યભાવરૂપ નથી, બંને અત્યંત ભિન્ન છે. આવું ભેદજ્ઞાન કરતાં જ્ઞાનપ્રકાશ પ્રગટયો અને મોહનો નાશ થયો, હવે ફરીને મોહ થાય નહીં ને પરવસ્તુનો અંશ પણ પોતારૂપે ભાસે નહીં. આવો ભેદજ્ઞાનપ્રકાશ પ્રગટ કરવો તે મોક્ષનો ઉપાય છે.

રતલામ શહેરની એક લાખની વસ્તીમાં દસ હજાર જેટલા જૈનો છે. પાંચ દિગંબર જિનમંદિરો છે; એકમંદિર શહેરથી બે માઈલ દૂર છે. પ્રવચન પછી જિનમંદિરમાં ભક્તિ થતી; મંદિર ભરચક ભરાઈ જતું હતું. પહેલે દિવસે ત્યાંના ઉત્સાહી યુવકોએ ભક્તિ કરી હતી; ને બીજે દિવસે પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરી હતી. ધર્મચર્ચા પણ બંને દિવસે સારી ચાલી હતી. બંને દિવસે પ્રવચન અને ચર્ચાના સમયે જ આવીને એક બળદિયાએ થોડીક ગડબડ કરી હતી. રતલામની જનતાએ ઘણા પ્રેમથી પ્રવચનાદિનો લાભ લીધો હતો; સુંદર અધ્યાત્મ–પ્રવચનોથી પ્રભાવિત થઈને કેટલાક શ્વેતાંબર ભાઈઓએ તો પોતાના ચોકમાં પણ આવું પ્રવચન કરવા વિનંતી કરી હતી; પણ ત્યારે બે દિવસનો કાર્યક્રમ પૂરો થઈ ગયો હતો. ત્રીજે દિવસે સવારમાં રતલામના ભાઈઓએ આભાર–વિધિ કર્યા બાદ ગુરુદેવે રતલામથી દાહોદ પ્રસ્થાન કર્યું.

# — દો દિન દાહોદમેં —

[ ફાગણ વદ ચોથે રતલામથી પ્રસ્થાન કરીને દાહોદ આવ્યા; મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશનો પ્રવાસ પૂર્ણ કરીને આજે પુનઃ ગુજરાતમાં આવ્યા. દાહોદ આવતાં ઉત્સાહી મુમુક્ષુમંડળે ભાવભીનું સ્વાગત કર્યું. અહીં દિ. જૈનોના સો જેટલા ઘર અને કુલ ચાર જિનાલયો છે. બપોરે સમયસાર નાટક ગા. ૧૭–૧૮ ઉપર પ્રવચન ગુજરાતી ભાષામાં થયા, આજે લગભગ એક માસ પછી ગુજરાતી ભાષાનું વાતાવરણ પ્રાપ્ત થયું. આજે રતલામથી દાહોદ પહોંચતાં સંઘની ચારે મોટરોને થોડોઘણો વિલંબ થયો હતો.

ગુજરાત અને મધ્યપ્રદેશ–બે રાજ્યની હદ જ્યાં ભેગી થાય છે એવા દાહોદ શહેરમાં ચાલીસ હજાર જેટલી વસ્તીમાં દોઢહજાર જેટલા જૈનો છે. પ્રવચનમાં બે–ત્રણ હજાર શ્રોતાજનોની સભા ઉત્સુકતાથી આત્મસ્વરૂપનું શ્રવણ કરતી હતી. )

સમયસાર ગા. ૧૭–૧૮ માં શુદ્ધ જીવની સેવા–આરાધના કેમ કરવી તે વાત રાજાના દ્રષ્ટાંતે સમજાવે છે. જગતના તત્ત્વોમાં જીવ તે શ્રેષ્ઠ છે એટલે તેને ‘જીવરાજા’ કહે છે. જેમ સંસારમાં રાજાને ઓળખીને તેની સેવા કરવાથી ધન–જમીન વગેરે મળે છે; તેમ અનંતગુણના નિધાનથી ભરેલો આ જીવરાજા, તેને ઓળખીને, શ્રદ્ધા કરીને, એકાગ્રતારૂપ અનુચરણ કરવાથી મોક્ષની સિદ્ધિ થાય છે. માટે મોક્ષાર્થી જીવે આવા આત્માને ઓળખીને તેની સેવા કરવી.

એક સાધારણ રાજાને ભેટવાનો પ્રસંગ આવતાં કેવો ઉત્સાહ ને પ્રેમ આવે છે? તો જગતમાં સૌથી શ્રેષ્ઠ, સૌથી ઉત્તમ એવો આ ચેતનરાજા પોતે, તેની ઓળખાણ અને પ્રેમ કરીને તેને ભેટવાનો એટલે કે અનુભવ કરવાનો ઉલ્લાસ આવવો જોઈએ. ‘અહો, આવો જ્ઞાનસ્વરૂપ મારો આત્મા! તેને મેં આજે દેખ્યો. મારા ભગવાન આત્માના આજે મને ભેટા થાય!’ એમ ચૈતન્યનો પ્રેમ પ્રગટાવીને અને રાગનો પ્રેમ છોડીને મોક્ષાર્થી જીવ પોતાના આત્માને અનુભવમાં લ્યે છે.

જગતને જાણનારો એવો જે ચેતનરાજા, તેને જાણ્યા વગર કલ્યાણ કેવું! આત્મા પોતે સુખનો નિધાન છે, એ કાંઈ ગરીબ–રાંકો–ભીખારી નથી કે બીજા પાસે પોતાના સુખની ભીખ માંગવી પડે! રાગ હોય તો મને સુખ મળે, લક્ષ્મી–સ્ત્રી વગેરે હોય તો મને સુખ મળે–એમ પોતાના સુખ માટે જે પરવસ્તુની ભીખ માગે છે તે જીવ માંગણ છે. શુભરાગથી ને તેના ફળરૂપ પુણ્યથી મને સુખ કે મોક્ષ મળે એમ માનનાર પણ

રાગનો ભીખારી છે. ધર્મી જીવ ચૈતન્યબાદશાહ, તે તો જાણે છે કે રાગ અને પુણ્ય વગર મારા સ્વભાવથી જ હું સુખી છું; મારા સુખ માટે રાગના કે પુણ્યના અંશની પણ મારે જરૂર નથી. જગતના કોઈ પદાર્થમાં મારું સુખ નથી, એટલે તેની પાસેથી મારે કાંઈ લેવું નથી,–એવા ભાનપૂર્વક ધર્મી જીવને આખા જગત પ્રત્યે ઉદાસીનતા છે; ને અંતર્મુખ થઈને પોતાના સ્વભાવસુખને તે અનુભવે છે. આવા ધર્મી જીવો જ જગતમાં સુખિયા છે.

આત્મા તો સદાય જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. મોટા કે નાના સૌના આત્મા જ્ઞાનરૂપે જ અનુભવમાં આવે છે. પણ 'જ્ઞાનનો અનુભવ તે હું છું' એવી ઓળખાણ ને શ્રદ્ધા કરવાને બદલે અજ્ઞાની પોતાને રાગરૂપે અનુભવે છે. રાગ અને જ્ઞાનના ભેદજ્ઞાન વડે આત્માની સાચી ઓળખાણ તથા શ્રદ્ધા કરે, તેને જ આત્માનું વીતરાગી ચારિત્ર પ્રગટે છે. જ્યાં રાગથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્માની ઓળખાણ અને શ્રદ્ધા નથી ત્યાં તેમાં એકાગ્રતારૂપ ચારિત્ર ક્યાંથી થાય?

જેમ રાજાને ઓળખીને તેનો આદર–સેવા કરે તો તેને ધન–જમીન વગેરે મળે છે. પણ રાજાને ઓળખે જ નહીં તો તેની સેવા ક્યાંથી કરે? તેમ જેને આત્મા જોઈતો હોય, જે આત્માનો અર્થી હોય, તે જીવ પહેલાં જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખે છે, શ્રદ્ધા કરે છે ને પછી તેમાં એકાગ્ર થઈને તેનું સેવન કરે છે.

આત્માની સેવા એટલે કે તેની ઓળખાણ કર્યા વગર અનંતકાળમાં વ્રતાદિ શુભરાગ કરીને સ્વર્ગમાં ગયો છતાં જીવ લેશમાત્ર સુખ ન પામ્યો. સુખ જરાપણ ન પામ્યો એટલે કે એકલું દુઃખ જ પામ્યો, એનો અર્થ એ થયો કે શુભરાગમાં કે સ્વર્ગમાં જરાપણ સુખ નથી. જો તેમાં સુખ કિંચિત્ પણ હોય તો વ્રતાદિ શુભરાગ કરવા છતાં કેમ લેશમાત્ર સુખ ન પામ્યો? રાગમાં સુખ હોય તો પામે ને! રાગ તો દુઃખ છે, તેનું સેવન કરી કરીને અજ્ઞાનથી એકલું દુઃખ જ પામ્યો. જેનામાં સુખ ભર્યું છે, જે સ્વયં સુખસ્વરૂપ છે તેને જાણ્યા વગર સુખ કેવું? સુખનો ભંડાર એવો આ જીવરાજા, અનંત નિજગુણોનાં વૈભવથી શોભાયમાન, તેને ઓળખીને, શ્રદ્ધા કરીને બહુમાનથી તેમાં એકાગ્ર થવું તે આત્માની સેવા છે, તે આત્માની આરાધના છે, તે ધર્મ છે, અને તેનાથી જ મોક્ષ સધાય છે.

આવા આત્માની ઓળખાણ આઠ વર્ષના બાળકનો જીવ પણ કરી શકે છે. જો આવા આત્માની ઓળખાણ ન કરી તો મનુષ્ય અવતાર પૂરો થતાં તું ક્યાં ઉતારા કરીશ, ભાઈ! સંસારમાં ક્યાંય આત્માને વિસામો નથી; પોતાનું જ્ઞાનસ્વરૂપ

એ જ સુખનું ને વિસામાનું સ્થાન છે. આવા સારભૂત આત્માને જગતમાં શ્રેષ્ઠ જાણીને તેની ઉપાસના ( એટલે શ્રદ્ધા–જ્ઞાન–એકાગ્રતા ) કરવા જેવી છે.

આ આત્મામાં પોતાના જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણો છે; તેનું પૂરું સ્વરૂપ સર્વજ્ઞભગવાને જ્ઞાનમાં પ્રત્યક્ષ જોયું છે, પણ વાણીમાં તે પૂરું આવતું નથી; સ્વસંવેદન જ્ઞાનથી જ તે અનુભવગોચર થાય છે. વાણીમાં કે વાણી તરફના વિકલ્પમાં એવી તાકાત નથી કે આત્માના પૂર્ણાનંદ સ્વરૂપનો સ્વાદ લઈ શકે. અંતર્મુખ જ્ઞાનમાં જ એવી તાકાત છે કે તે આત્માના આનંદનો સ્વાદ લ્યે છે.

ચર્ચામાં કોઈએ પૂછેલું કે આત્માને ઓળખવાથી શું થાય ? તો કહ્યું કે આત્માને ઓળખતાં આનંદ થાય. અંદરમાં ચૈતન્યનિધાન આનંદથી ભરેલો છે, તેને જાણ્યા વગર તેની મહત્તા કદી કરી નથી ને રાગાદિની જ મહત્તામાં રોકાઈ ગયો છે. અહીં આત્માને ઓળખીને તેની સેવાનો ઉપદેશ દે છે.

ભાઈ ! જેમ લોકોમાં રાજાને ઓળખીને પ્રેમથી તેની સેવા કરે છે, તેમ જગતમાં શ્રેષ્ઠ એવો ચૈતન્યરાજા તું પોતે છો, તારા આત્માને ઓળખીને તેની શ્રદ્ધા કર, તેનો પ્રેમ કર અને તેમાં એકાગ્ર થા.–એમ કરવાથી તને પૂર્ણાનંદની પ્રાપ્તિ થશે.

આત્માના જ્ઞાન વગર ક્યાંય આનંદ નથી. આત્માને તારવાની કળા જેને આવડતી નથી અને લોકની બીજી અનેક કળામાં હોશિયારી બતાવે છે, પણ એ બધી હોશિયારી તો પંડિતની જેમ પાણીમાં જવાની છે. એક પંડિતે નાવડિયાને પૂછયું–તને સંસ્કૃત આવડે છે ? તને વ્યાકરણ આવડે છે ? તને વાંચતાં લખતાં આવડે છે ? અભણ નાવડિયો કહે–અમને એવું કાંઈ આવડતું નથી, અને તો જીંદગી આખી પાણીમાં રહીએ અને તરવાનું જાણીએ. ત્યારે પંડિત કહે–ભાઈ, તારી તો આખી જીંદગી પાણીમાં જ ગઈ !

પછી આગળ જતાં મધદરિયે નૌકા તોફાનમાં સપડાણી, અને ડુબવાની તૈયારી થઈ. ત્યારે નાવિકે પૂછયું–પંડિતજી સા’બ ! નૌકા હમણાં ડુબી જશે,–તમને તરતાં આવડે છે કે નહીં ? પંડિતજી ભયભીત થઈને બોલ્યા–ભાઈ ! મને બીજું બધું આવડે છે, એક તરતાં નથી આવડતું. ત્યારે નાવિક કહે–પંડિતજી ! હવે જુઓ કે કોની જીંદગી પાણીમાં જશે ! મને ભલે બીજું કાંઈ ન આવડે પણ તરતાં આવડે છે એટલે હું તો હમણાં તરીને કાંઠે પહોંચી જઈશ, પણ તમે બીજું બધું જાણતા હોવા છતાં તરવાની કળા નથી જાણતા એટલે તમે અને તમારું બધુંય

ભણતર પાણીમાં ડુબી જશે. તેમ જીવ બહારનાં ભલે ગમે તેટલા ભણતર ભણે પણ જો સંસારથી તરવા માટેની ભેદજ્ઞાન–કળા ન આવડે તો તેનું બધું પાણીમાં જશે એટલે કે તે સંસારમાં જ રખડશે. અને બહારના બીજાં ભણતર ઓછા હોય પણ જો અંતરની ચૈતન્યવિદ્યાવડે તરવાની કળા આવડે છે તો તે જીવ સંસારમાં ડુબશે નહીં, પણ અલ્પકાળમાં મોક્ષપદ પામશે. આત્માનો તરવાનો સ્વભાવ રાગથી પાર છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ સમાધાન કરવાની તાકાતવાળો છે. ગમે તે પ્રતિકૂળ સંયોગ વખતે તેનાથી ભિન્નતાના ભાનવડે જ્ઞાન પોતે સમાધાનસ્વરૂપ રહે છે. એક શેઠ પાસે કરોડ રૂા. ની મૂડી, અને એકનો એક પુત્ર; પુત્રને સટ્ટો કરવાની ના પાડેલી, છતાં સટ્ટો કરીને દશ લાખ રૂપિયા ખોયા. તે સાંભળીને તેના પિતા ગુસ્સે થયા અને કહ્યું કે ભલે મરી જાય પણ દશ લાખ રૂા. હું નહીં ચૂકવું. ત્યારે તે પુત્રનો એક મિત્ર હતો, તે સમજદાર હતો, તેણે શેઠને સમજાવ્યું કે બાપુજી! તમારી જે એક કરોડની મૂડી હતી તે અંતે તો તમારા પુત્રને જ આપવાની હતી ને! તો એક કરોડને બદલે તેને હવે નેવું લાખ રૂા. મળશે. દશ લાખ તેને ઓછા મળશે. તો હવે વિચારો કે જે દશ લાખ ગયા તે તેના ગયા કે તમારા? જો રૂા. નહીં આપો તો પુત્રનું મોઢું જોવા નહીં પામો.–તરત પિતાજી સમજી ગયા કે–હા! મારું માનું તો મને દુઃખ છે; પણ તે મૂડી તેની હતી ને તેની ગઈ.– આમ જ્ઞાનના બળે સમાધાન કરવાની આત્માની તાકાત છે. એક પ્રસંગમાં જે આટલું સમાધાન કરી શકે છે, તે જગતના સર્વ પદાર્થોથી પોતાની ભિન્નતા જાણીને, જ્ઞાનસ્વભાવના બળે સંપૂર્ણ સમાધાન અને સંપૂર્ણ વીતરાગતા કરી શકે છે; અને તેમાં જ સાચો આનંદ છે.

આત્માને ઓળખતાં જે આનંદ થાય છે તેવો આનંદ જીવને પૂર્વે કદી થયો નથી. જેમ એક અજાણ્યો માણસ દરરોજ મળતો હોય, વાતચીત કરતો હોય, પણ તેની ઓળખાણ ન હોય; પણ જ્યારે ખબર પડે કે આ તો મારો ભાઈ છે.–ત્યારે ઓળખતાંવેંત આનંદ અને પ્રેમ આવે છે કે અરે, આ તો મારો ભાઈ! ઓળખાણ પહેલાં એવો પ્રેમ આવતો ન હતો; ઓળખાણ થતાં જ પ્રેમ આવ્યો. (એ તો જો કે રાગનો પ્રેમ છે, પણ ઓળખાણ થતાં સાચો પ્રેમ આવે છે તેટલું દ્રષ્ટાંત લેવું છે.) તેમ જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા, પોતાનો સાચો બંધુ, સદા પોતાની સાથે જ છે, જ્ઞાનપણે સદાય અનુભવમાં આવી રહ્યો છે, પણ ઓળખાણ ન હોવાથી પોતાના આત્માનો સાચો પ્રેમ અને આનંદ આવતો નથી, પણ પરનો પ્રેમ આવે છે. જ્યાં ભાન થયું કે આ જે જ્ઞાન છે તે તો હું જ છું; ત્યાં ઓળખાણ થતાં જ પોતાને પોતાનો પ્રેમ આવ્યો, સ્વાનુભવનો અપૂર્વ આનંદ આવ્યો. ઓળખાણ પહેલાં કદી

એવો આનંદ આવ્યો ન હતો, તે અપૂર્વ આનંદ આત્માની ઓળખાણ થતાં અનુભવમાં આવ્યો. માટે હે ભાઈ! પરનો પ્રેમ છોડી, પરમ ઉલ્લાસથી આત્માને ઓળખીને તેનો પ્રેમ કર, શ્રદ્ધા કર કે આ ચૈતન્યસ્વરૂપે જે અનુભવાય છે તે હું જ છું.–આવી ઓળખાણ અને શ્રદ્ધા કરીને આત્માની ઉપાસના કરવી તે ધર્મ છે; તે ભગવાનનો હુકમ છે, તે મોક્ષનો ઉપાય છે.

હું તો આત્મા છું; સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાઉં–એવું મારું સ્વરૂપ છે. આવા સ્વરૂપમાં રાગ–દ્વેષનાં બંધન નથી. આવા સ્વરૂપને જે જાણે તે તેના શ્રદ્ધા–જ્ઞાન–આચરણવડે બંધનથી છૂટીને મુક્તિ પામે.

આખા દિવસની મજૂરી પછી પોતાના ઘરે પાછા ફરતાં ઢોરને પણ ઉત્સાહ હોય છે; અથવા બંધાયેલા વાછરડાને પાણી પાવા માટે બંધનથી છોડતાં તે વાછડું પણ છૂટકારાની હોંશથી કુદાકુદ થનગણાટ કરી મુકે છે. તો હે ભાઈ! સંતો તને તારો અપૂર્વસ્વભાવ બતાવીને અનાદિના બંધનથી છૂટકારાથી વાત સંભળાવે છે. તો તે વાત સાંભળતાં તને અંતરથી ઉત્સાહ અને પ્રેમ ન આવે તો વાછડા કરતાં પણ તું ગયો! અહા, આવા સ્વભાવની પ્રાપ્તિના અવસરમાં કોને ઉત્સાહ ન હોય! રાગથી પાર એવા અતીન્દ્રિય જ્ઞાનરસનો અનુભવ સંતો કરાવે છે. સંયોગી જડ વસ્તુનો સ્વાદ તો કોઈ જીવમાં આવતો નથી; અજ્ઞાની જીવ પરને પોતાનું માનીને પણ, માત્ર પોતાના રાગ–દ્વેષનો સ્વાદ લ્યે છે, પરનો સ્વાદ તો તે પણ લેતો નથી. ને જ્ઞાની તો રાગથી પાર સહજ ચૈતન્યના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લ્યે છે, આત્માની ઓળખાણ–શ્રદ્ધા–અનુસરણ વડે જ આવો આનંદ અને મુક્તિ પ્રગટે છે.

દાહોદમાં રાત્રે તત્ત્વચર્ચા સારી ચાલતી હતી ને જિનમંદિરમાં ભક્તિ થઈ હતી. ગુરુદેવ ચારે જિનમંદિરમાં દર્શન કરવા ગયા હતા. સાંજે દાહોદથી પ્રસ્થાન કરી સંતરોડ રોકાઈ, બીજે દિવસે ફાગણ વદ છઠ્ઠે અમદાવાદ તરફ પ્રસ્થાન કર્યું.

—

**અહા, ગુરુદેવના પ્રવચનમાં એક કલાક સુધી ધારાવાહી અધ્યાત્મસ્વરૂપનું શ્રવણ કરતાં ચિત્ત એવું એકાગ્ર થાય છે- જાણે કે કોઈ બીજા જ અગમ્ય દેશમાં વિચરતા હોઈએ, ને આ સંસારથી દૂરદૂર ક્યાંક ચાલ્યા ગયા હોઈએ.**

# * અમદાવાદ શહેરમાં બે દિવસ *

પોષ વદ અમાસે સોનગઢથી પ્રસ્થાન કર્યા બાદ જામનગર, ગીરનાર વગેરે થઈને, અમદાવાદ–પાલેજ–વ્યારા–એદલાબાદ–આકોલા–કારંજા, શિરપુર–પંચકલ્યાણક, જલગાંવ–વેદીપ્રતિષ્ઠા, મલકાપુર, ખંડવા, રતલામ અને દાહોદ થઈને ફાગણ વદ છઠ્ઠે પુનઃ પૂ. ગુરુદેવ ગુજરાતના પાટનગરમાં પધાર્યા. જિનમંદિરમાં આદિનાથ ભગવાનની વીતરાગમુદ્રાનાં દર્શન કર્યા. અમદાવાદનું ઉત્સાહી મુમુક્ષુમંડળ ગુરુદેવના ફરી ફરી પધારવાથી પ્રસન્ન થયું, મંગળમાં ગુરુદેવે કહ્યું કે સમયસાર એવો જે શુદ્ધઆત્મા તેમાં નમીને એટલે કે અંતર્મુખ થઈને આનંદનો અંશ પ્રગટ કરવો તે અપૂર્વ મંગળ છે. ત્યારબાદ સમયસાર ગા. ૭૩ ઉપર પ્રવચનો થયા.

આત્મામાં સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ છે; આવું આત્મતત્ત્વ પોતાના જ્ઞાન–આનંદથી અભિન્ન છે અને દેહથી–રાગથી ભિન્ન છે. આવા આત્માને ઓળખીને તેમાં એકાગ્ર થતાં સર્વજ્ઞદશા પ્રગટે છે. આત્મા પોતાના સ્વભાવને ભૂલીને ક્રોધાદિ પરભાવમાં પોતાપણે વર્તતો હતો તેથી દુઃખી થતો હતો. તે દુઃખની પ્રવૃત્તિથી છૂટવા માટે શિષ્ય પૂછે છે કે પ્રભો ! આ પરભાવની પ્રવૃત્તિ કેમ છૂટે ? આ દુઃખદાયક પ્રવૃત્તિ કેમ છૂટે ?

જડની ક્રિયા તો આત્માની નથી, જડમાં આત્મા વર્તતો નથી; એટલે, જડથી આત્મા કેમ છૂટે ? એવો પ્રશ્ન નથી; પણ આત્માની અવસ્થામાં પરભાવની પ્રવૃત્તિ છે, અને તેનાથી આત્મા છૂટી શકે છે, તેથી તેનાથી છૂટવાનો ઉપાય શિષ્ય પૂછે છે. તેના ઉત્તરમાં આચાર્યદેવ શુદ્ધઆત્માનું સ્વરૂપ બતાવીને કહે છે કે આવા આત્માનો નિર્ણય કરીને તેમાં પ્રવર્તતાં પરભાવની પ્રવૃત્તિને આત્મા છોડી દે છે.–આત્માનો કેવો નિર્ણય કરવો ?–કે–

**છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શન પૂર્ણ છું,**
**એમાં રહી સ્થિત, લીન એમાં શીઘ્ર આ સૌ ક્ષય કરું.**

આત્માના અત્યંત આનંદમાં ઝૂલનારા વીતરાગી સંતમુનિનું આ કથન છે. સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થનેય આત્માનો આનંદ હોય છે, પણ મુનિને તો તે આનંદ ઘણો વધી ગયો છે; મુનિ તો પંચપરમેષ્ઠી પદમાં છે; સર્વજ્ઞ પરમાત્માના પ્રતિનિધિ, સાક્ષાત્ સર્વજ્ઞનો જેને ભેટો થયો હતો ને પોતે અંતરમાં સ્વસંવેદનથી સર્વજ્ઞપદને સાધી રહ્યા હતા, એવા કુંદકુંદઆચાર્ય અને અમૃતચંદ્રઆચાર્યનું આ કથન છે.

અહો ! આ તો અમૃત છે. આત્માના આનંદરૂપ અમૃતને બતાવનારી આ ગાથા છે.

'આ હું સ્વસંવેદનપ્રત્યક્ષ આત્મા છું'–તે કેવો છું? જ્ઞાન–દર્શનરૂપ ચૈતન્યસ્વભાવથી પરિપૂર્ણ છું, 'આ હું'–એ પ્રત્યક્ષપણું બતાવે છે. સામે વસ્તુ પડી હોય તેને જોઈને એમ કહેવાય કે 'આ વસ્તુ છે.' તેમ ધર્મી આત્માને સ્વસંવેદનથી પ્રત્યક્ષ અનુભવીને કહે છે કે આ જ્ઞાન–દર્શનથી સંપૂર્ણ મારા સ્વસંવેદનમાં આવતો આત્મા જ હું છું. વિકલ્પમાં જ્ઞેય થાઉં એવો હું નથી, સ્વસંવેદન વડે જાણવામાં આવું–એવો જ હું છું. વચ્ચે વિકલ્પ નથી તેથી દ્વૈત નથી, હું અખંડ એકપણે અનુભવમાં આવું છું.

અહા, આવો મહિમાવંત આત્મા પોતે ભગવાન છે. તે પોતાનું નિજરૂપ ભૂલીને રાગ–દ્વેષ–ક્રોધ–માનાદિ પરભાવોમાં પ્રવર્તે તે દુઃખ અને સંસાર છે. અને પરભાવથી ભિન્ન એવા પોતાના અખંડ ચૈતન્યસ્વરૂપમાં પ્રવર્તે ત્યારે સુખ અને મુક્તિ થાય છે.

આત્મા પ્રત્યક્ષસ્વભાવી છે; પરોક્ષપણું તેનો સ્વભાવ નથી, અનંત ચૈતન્યસ્વભાવથી પૂરો, અનાદિ–અનંત એકરૂપ આત્મા છે. વિજ્ઞાનઘન સ્વભાવની એકતા રાગવડે ભેદાતી નથી. આવી વસ્તુનો જ્ઞાનમાં નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કરવાની તાકાત જ્ઞાનમાં છે, રાગમાં નથી.

હું કર્તા ને શરીરનાં કામ મારી ક્રિયા–એમ તો કદી છે જ નહીં. જડના છ કારક મારામાં નથી.

હું જ્ઞાનસ્વરૂપ આત્મા કર્તા, અને રાગાદિ ભાવો મારી ક્રિયા–એમ અજ્ઞાન–ભાવથી છે; પણ આત્માના જ્ઞાનસ્વભાવમાં વિકારનાં છ કારક નથી. જ્ઞાન કર્તા થઈને રાગને કરે એવું તેનું સ્વરૂપ નથી.

હવે ત્રીજો બોલઃ જ્ઞાન કર્તા, ને જ્ઞાનરૂપ તેની ક્રિયા, એમ પોતાના જે નિર્મળ છ કારક, તે છ કારકના ભેદનો વિકલ્પ પણ આત્માનું સ્વરૂપ નથી. છ કારકના વિકલ્પથી પાર ચૈતન્યની શુદ્ધ અનુભૂતિસ્વરૂપ આત્મા છે. આત્માનું આવું સ્વરૂપ નક્કી કરે તો તેનો અનુભવ થાય. નિર્ણયમાં જ જેની ભૂલ હોય તેને સાચો અનુભવ થાય નહીં.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા છ કારકના ભેદવડે ખંડિત થતો નથી, એટલે છ કારકના ભેદના લક્ષે એક અનુભૂતિસ્વરૂપ આત્મા અનુભવમાં નથી આવતો.

ચૈતન્યતત્ત્વ અને તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાય કેવાં છે તેની ઓળખાણ જીવે કદી કરી નથી. ભાઈ ! આ તારું તત્ત્વ સંતો તને બતાવે છે.

જ્ઞાનસ્વરૂપ આત્માને પરભાવોનું સ્વામિત્વ નથી. જ્ઞાનની જાત જુદી છે ને રાગાદિની જાત જુદી છે, બંનેની જાત જ જુદી છે; તેમાં રાગનું સ્વામિત્વ જ્ઞાનમાં નથી; રાગ તે તો જ્ઞાનનું પરજ્ઞેય છે. રાગાદિ જે અનેક પરભાવો–તેરૂપે નહીં હોવાથી આત્મા એક છે; તે પોતાનું એકપણું છોડીને અનેક પરભાવોરૂપે થતો નથી. આ રીતે ધર્મી જીવ પોતાના આત્માને શુદ્ધ અને એક જાણે છે.

અમદાવાદના ભવ્ય જિનાલયમાં આદિનાથ પ્રભુની સન્મુખ પૂ. બેનશ્રી–બેને ભક્તિ કરાવી હતી. કહાનગુરુએ સુવર્ણકળશ વડે ભગવાન આદિનાથ જિનેન્દ્રદેવનો ચરણાભિષેક કર્યો હતો. રાત્રે તત્ત્વચર્ચા થતી હતી. તત્ત્વચર્ચામાં એક પ્રશ્ન થયો કે –

નિર્વિકલ્પ અનુભવ થયા પછી ફરીને વિકલ્પ થાય ? ઉત્તરમાં ગુરુદેવે કહ્યું કે– હા, થાય; પણ તે જ્ઞાનમાં તન્મયપણે ન થાય, જ્ઞાનથી ભિન્નપણે થાય; જ્ઞાન તેનાથી જુદું ને જુદું રહે. વિકલ્પનો એક અંશ પણ જ્ઞાનને પોતાપણે ન ભાસે એટલે ખરેખર જ્ઞાનમાં વિકલ્પ નથી થયો, જ્ઞાનથી જુદો જ રહ્યો છે. આ રીતે 'જ્ઞાન અને રાગની ભિન્નતાને' જ્યારે ઓળખે ત્યારે જ જ્ઞાનીની ખરી ઓળખાણ થાય.

પ્રવચનમાં આત્માનો રસ ચખાડતાં બે હજાર શ્રોતાઓની સભામાં ગુરુદેવે કહ્યું: ભાઈ ! આત્માના અતીન્દ્રિય આનંદનો રસ તારે ચાખવો હોય તો તારી પર્યાયને તેમાં વાળીને તારી વસ્તુને નિર્ણયમાં લે. તારી એક એક સમયની પર્યાય અને ત્રિકાળી ધ્રુવસ્વભાવ,–એક સમયમાં આવો ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સ્વભાવ છે તે સર્વજ્ઞ ભગવાને જોયો છે. એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ થાય એ સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજા કોઈના શાસનમાં હોય નહિ. એકલા ઉત્પાદ–વ્યયના અંશને જોયા કરે તો શુદ્ધસ્વભાવનો નિર્ણય થાય નહીં.

ચૈતન્યવસ્તુ પોતાના જ્ઞાન–દર્શનાદિ અનંત સ્વભાવોથી ભરેલી પરિપૂર્ણ છે, તે જ હું છું; એ સિવાય રાગાદિ કોઈ પરભાવો મારામાં નથી, તેથી તેનું સ્વામીપણું મને નથી, તે જ્ઞેયપણે ભલે હો પણ તે મારા સ્વભાવપણે નથી, જ્ઞાન સાથે એકપણે નથી. આવું ભેદજ્ઞાન કરીને નિજસ્વરૂપમાં નિશ્ચલ રહેતાં વિકલ્પના કલ્લોલો શમી જાય છે ને પરભાવની પ્રવૃત્તિ છૂટી જાય છે.–આનું નામ ધર્મ છે ને આ મોક્ષમાર્ગ છે.

## * વઢવાણ શહેરમાં બે દિવસ *

વર્ધમાન જિનેન્દ્રના નામ પરથી જેનું નામ પડયું છે એવું વઢવાણ, જે પૂ. શ્રી ચંપાબેનનું જન્મસ્થાન છે, અને જેના ગઢમાં તેમ જ અન્યત્ર દિગંબર જૈનધર્મના પ્રાચીન અવશેષો નજરે પડે છે, બજાર વચ્ચે દિગંબર જિનમંદિર છે; એવી આ પ્રાચીન નગરીમાં, ફાગણ વદ આઠમે અમદાવાદથી પ્રસ્થાન કરીને ગુરુદેવ પધાર્યા; નગરીને શણગારીને ભાવભીનું સ્વાગત થયું. પચીસેક હજારની વસ્તીવાળા આ શહેરમાં ત્રણ હજાર શ્રોતાજનોની સભામાં મંગલ–પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું કે –

ધર્મીને પોતાના આત્માનો સ્વભાવ જ ઇષ્ટ છે ને પુણ્ય–પાપ વગેરે ઇષ્ટ નથી. પરચીજ તો ઇષ્ટ કે અનીષ્ટ નથી. પરમાર્થે પોતાનો જ્ઞાયક સ્વભાવ તે ઇષ્ટ છે–મંગળ છે; ને વ્યવહારથી પંચપરમેષ્ઠી ભગવાન ઇષ્ટ છે. મિથ્યાત્વ–રાગાદિ પરિણામો અનીષ્ટ છે.– આમ સ્વભાવ અને પરભાવને ભિન્ન ઓળખીને, પોતાના ઇષ્ટ સ્વભાવનો આદર કરવો ને અનીષ્ટ ભાવોને છોડવા તે મંગળ છે.

અપૂર્વ ઇષ્ટ, ત્રિકાળ મંગળ એવો પોતાનો સ્વભાવ અતીન્દ્રિયજ્ઞાન ને અતીન્દ્રિય આનંદથી ભરેલો છે, તેની સન્મુખ થઈને તેની પ્રીતિ–ઓળખાણ કરવા તે મંગળ છે. આવા આત્મા સિવાય બીજા બધાની પ્રીતિ છોડવા જેવી છે.

જૈનશાસનના ચારે અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા તે સાર છે; તે ઇષ્ટ છે; તે વીતરાગતા કેમ થાય? કે પોતાના શુદ્ધ ચિદાનંદસ્વભાવને ધ્યેય બનાવતાં વીતરાગતા થાય છે. આ રીતે ચિદાનંદસ્વભાવની પ્રીતિ–ઓળખાણ–અનુભવથી વીતરાગતા પ્રગટ કરવી તે અપૂર્વ ઇષ્ટ અને મંગળ છે.

પ્રવચનમાં સમયસારની સંવર અધિકારની શરૂની ગાથાઓ દ્વારા ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં ગુરુદેવે કહ્યું કે ભગવાન આત્મા ઉપયોગસ્વરૂપ છે, તેમાં પૂર્ણજ્ઞાન અને પૂર્ણ આનંદની તાકાત ભરી છે. અને રાગ તે ઉપયોગથી જુદા સ્વરૂપે છે. રાગ તે ઉપયોગમાં તન્મય નથી, ને ઉપયોગ રાગમાં તન્મય નથી; બંનેનું સ્વરૂપ અત્યંત ભિન્ન છે. આવા ભેદજ્ઞાન વડે જે શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજે તેને જ સંવરધર્મ થાય છે, એટલે કે તે જ સુખી થાય છે; એના વગરના બધા જીવો દુઃખી છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત;**

**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.**

પોતાનું સ્વરૂપ ન સમજ્યો તેથી જીવ દુઃખી થયો, બીજા કોઈ કારણે નહીં. અને પોતાનું સત્યસ્વરૂપ શ્રીગુરુ પાસેથી સાંભળીને સમજ્યો ત્યારે જ દુઃખ મટીને સુખ થયું; આ જ સુખનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

નવતત્ત્વમાં શુદ્ધ જીવતત્ત્વ તો ઉપયોગસ્વરૂપ છે. રાગાદિ ભાવો આસ્રવ તત્ત્વ છે. ઉપયોગ અને રાગનું ભેદજ્ઞાન તે સંવર તત્ત્વ છે. તે સંવર તત્ત્વનું સ્વરૂપ બતાવીને આચાર્ય ભગવાન તેની પ્રશંસા કરે છે. અરે જીવો! રાગથી ભિન્ન એવા ચૈતન્યનું ભેદજ્ઞાન કરીને તમે આનંદિત થાઓ.

આ વીતરાગી સંતોનો સિંહનાદ છે, પરમેશ્વરની ધ્વનિનો નાદ છે કે હે જીવ! તારા અસંખ્યપ્રદેશી ચૈતન્યપદમાં રાગાદિ પરભાવોનો પ્રવેશ નથી, તારી ચૈતન્યવસ્તુ રાગથી જુદી છે.

[ પ્રવચન બાદ મંડપમાં જિનેન્દ્ર ભક્તિ થઈ હતી; ભક્તિમાં ગુરુદેવે સ્તવન ગવડાવ્યું હતું. બીજે દિવસે સવારે પ્રવચન બાદ કુમારી શાન્તાબેન મણિયારે આજીવન બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લીધી હતી. )

ફાગણ વદ ૯ઃ પ્રવચનમાં ચૈતન્યની ધૂનથી ગુરુદેવ કહે છે કે અહો! આત્મા અદ્ભુત રત્નોથી ભરેલો ચૈતન્યરત્નાકર છે; કેવા રત્નો ? જડ રત્નો નહીં, પણ જેમાંથી કેવળજ્ઞાન–પ્રકાશ ખીલે, જેમાંથી અનંત આનંદ ખીલે, એવા ચૈતન્યગુણરૂપી રત્નોનાં નિધાન આત્મામાં ભર્યા છે. આવા આત્માના આધારે રાગ થાય નહીં. રાગનો આધાર જ્ઞાન નથી, ને જ્ઞાનને રાગનું આલંબન નથી. અહો, આવી આત્મવસ્તુ, તેને વિચારમાં લ્યો તો તે ઉપયોગસ્વરૂપ જ છે. રાગ કરતાં કરતાં આવો આત્મા પમાઈ જાય એમ નથી, કેમકે રાગમાં ઉપયોગ છે જ નહીં. રાગવડે આત્માની પ્રાપ્તિ કરવા માંગે તેણે રાગથી જુદા આત્માને જાણ્યો નથી. ભાઈ, જ્ઞાન અને રાગની વચ્ચે ભેદજ્ઞાનરૂપી કરવત મુકીને અત્યંત જુદા કર. જુદાને એક માનીશ તો તારું જ્ઞાન મિથ્યા થશે. જુદાં છે તેને જુદાં જાણ તો રાગનો અંશ પણ તને તારા કાર્યરૂપે ભાસશે નહીં. ઉપયોગ પર્યાયમાં જ ધર્મી પોતાના આત્માને તન્મય દેખે છે; રાગ સાથે જરાય પોતાનું તન્મયપણું નથી એમ તે અનુભવે છે.

ભાઈ! તારા સ્વઘરને ઓળખીને તેમાં તું આવ, રાગ તો પરઘર છે; ઉપયોગ સ્વરૂપ જ તારું સ્વઘર છે તે સ્વઘરમાં રાગનો–વિકારનો–દુઃખનો પ્રવેશ નથી, સ્વઘરમાં તો અનંતા ચૈતન્યનિધાન અને પરમ આનંદ ભરેલાં છે. જ્ઞાનસ્વરૂપ આત્મા શેમાં રહ્યો છે? કે પોતાના સ્વસંવેદનરૂપ જે જાણનક્રિયા–અનુભવક્રિયા, તેમાં તે રહેલો છે; રાગાદિ જે બંધનની ક્રિયા છે તેમાં આત્મા રહેલો નથી. આત્મા તો પ્રભુ છે, તે રાગમાં વિકારમાં કેમ રહે? પોતાની આવી પ્રભુતાનો પાનો ચડવો જોઈએ, તેના પ્રેમનો ઉત્સાહ આવવો જોઈએ. જેમ પુત્ર પ્રત્યે માતાને પ્રેમ આવે છે તેમ પોતાના ચિદાનંદસ્વભાવ પ્રત્યે ધર્મીને પરમ ઉત્સાહ આવે છે.

આત્મામાં અંતર્મુખ થતાં રાગ વગરની ચૈતન્યદશા પ્રગટે છે, તે ચૈતન્યદશામાં આત્મા તન્મય છે, એટલે તેના આધારે આત્મા છે, તેના વડે આત્મા અનુભવમાં આવે છે. રાગમાં આત્મા તન્મય નથી એટલે તેના આધારે આત્મા નથી, ને તેના વડે આત્મા જણાતો નથી. માટે રાગને એકકોર મુકીને જ્યારે અંતર્મુખ જ્ઞાન વડે અનુભવ કરે છે ત્યારે આત્મા જણાય છે. આવી અનુભવદશા વગર આત્મા જણાય નહીં, અનુભવદશા તે પર્યાય છે, તેના આધારે આત્મા છે એમ કહ્યું; એટલે રાગ એકકોર જુદો રહી ગયો. આવું ભેદજ્ઞાન તે મોક્ષનું કારણ હોવાથી અભિનંદનીય છે, અને તે આનંદના અનુભવ સહિત છે. ધર્માત્માની આવી અનુભવદશાને યાદ કરીને ગુરુદેવે તેનો મહિમા કર્યો હતો.

રાગથી જે ધર્મ માને છે એટલે કે રાગને આત્માનું સ્વરૂપ માનીને વેદે છે તે જીવને રાગનું જ વેદન છે; એકેન્દ્રિય જીવના વેદનમાં અને તેના વેદનમાં ફેર નથી, બંનેના વેદનની જાત એક જ છે. રાગથી ભિન્ન આનંદનું જેમાં વેદન ન હોય તે આત્માનો ધર્મ નથી. જેમ શરીર અને આત્મા એક નથી, જુદી જાત છે, તેમ રાગ અને જ્ઞાન બંને એક નથી, બંનેની જુદી જાત છે. એવું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

[ફાગણ વદ ૯ ની રાત્રે વઢવાણ–જૈન પાઠશાળાની બાળાઓ દ્વારા ધાર્મિક કાર્યક્રમ રજૂ થયો હતો, તેમાં કાવ્ય અને સંવાદ દ્વારા રાજમતીની વૈરાગ્યભાવના રજૂ થઈ હતી; તેમજ બાળકોની ધાર્મિક ભાવનાઓ રજુ થઈ હતી. પ્રથમ મંગલાચરણમાં જૈન બાળપોથીનું એક કાવ્ય ગવાયું હતું. જૈન–પાઠશાળા દ્વારા બાળકો કેવા ઉત્તમ સંસ્કાર મેળવી શકે છે તે જોઈને આનંદ થયો. સાથે થોડો રંજ પણ થાય છે કે મોટા ભાગના ગામોમાં હજી પણ જૈન પાઠશાળા ચાલતી નથી.–બાળકોની ઉન્નતિ માટે આપણો સમાજ ક્યારે ધ્યાન આપશે?

બપોરના સમયે સુરેન્દ્રનગર અને જોરાવરનગરના જિનમંદિરોના દર્શન કરી આવ્યા પછી વઢવાણની મ. ત. સ્કુલના વિદ્યાર્થીઓ સમક્ષ દસ મિનિટ ગુરુદેવે ધાર્મિક અભ્યાસની પ્રેરણા આપી હતી અને સાચા જ્ઞાનનો (આત્મજ્ઞાનનો) અભ્યાસ એ જ ખરી વિદ્યા છે એમ સમજાવ્યું હતું. ફાગણ વદ દસમીના સુપ્રભાતે વીરપુરી (વર્દ્ધમાનપુરી) થી રાજપુરી તરફ પ્રસ્થાન કર્યું.

* * *

## રાજકોટમાં પંદર દિવસ

ફાગણ વદ ૧૦ ના મંગલ પ્રભાતે પૂ. ગુરુદેવ રાજકોટ શહેરમાં પધારતાં ઉત્સાહથી ભવ્ય સ્વાગત થયું. ઉન્નત જિનાલયમાં બિરાજમાન ભગવાન સીમંધરનાથ, સમવસરણ અને માનસ્તંભના દર્શન બાદ મંડપમાં મંગલ–પ્રવચન કરતાં ગુરુદેવે અરિહંત પરમાત્માના ધ્યાનને યાદ કરીને કહ્યું કે–પર્યાયમાં અરિહંતપણું અત્યારે પ્રગટ ન હોવા છતાં અરિહંત જેવા સ્વરૂપે પોતાના આત્માને ધ્યાવતાં આનંદ થાય છે; કેમકે સ્વભાવથી પોતામાં અરિહંત જેવું જ સામર્થ્ય પરિપૂર્ણ છે, ને અરિહંતદેવના ઉપદેશ વડે તે લક્ષમાં લીધું છે. અહો, પ્રભો! આપનું સ્વરૂપ ધ્યાવતાં, આપના જેવો સર્વજ્ઞ–વીતરાગભાવ મારો સ્વભાવ છે, ને રાગાદિ મારો સ્વભાવ નથી,–એવો મારો શુદ્ધ સ્વભાવ મને મારામાં ભાસ્યો, તેથી તે સ્વભાવનો મહિમા અને લગની લગાડીને તેને હું ધ્યાવું છું; તે ધ્યાનમાં સાચો આનંદ થાય છે. આવા સ્વરૂપની લગની લાગી તે હવે કદી કોઈના કહેવાથી કે લોકલાજથી છૂટવાની નથી. નિજસ્વરૂપની આવી અપ્રતિહત લગની લાગી તે અપૂર્વ મંગળ છે.

રાજકોટમાં હજારો જિજ્ઞાસુઓ લાભ લેતા હતા. સવારે સમયસાર ગા. ૩૨૦ ઉપર (જયસેનસ્વામી રચિત ટીકાનાં) પ્રવચનો થતા હતા. અગાઉ પણ બે વખત રાજકોટ તથા સોનગઢમાં આ ગાથાનાં સુંદર પ્રવચનો થઈ ગયા છે, 'જ્ઞાનચક્ષુ' પુસ્તક રૂપે સર્વે ગ્રાહકોને ગત સાલ ભેટ મળી ગયા છે. તે પુસ્તક દરેક જિજ્ઞાસુએ વાંચવા જેવું છે, તેમાં બધા પડખાંનું સુંદર સ્પષ્ટીકરણ છે. આ વખતના પ્રવચનોમાંથી પણ કેટલુંક દોહન આત્મધર્મમાં પાનાંની સગવડતા મુજબ આપીશું. બપોરના પ્રવચનમાં પ્ર. ગા. ૧૭૨ વંચાણી હતી.

(રાજકોટ તા. ૮–૪–૭૦)

# - રાજકોટનાં પ્રવચનોમાંથી -

*

**પૂ. ગુરુદેવ ફાગણ વદ ૧૦ થી ચૈત્ર સુદ ૯ સુધી રાજકોટ પધાર્યા; સ. ગા. ૩૨૦ ઉપર તથા પ્રવચનસાર ગા. ૧૭૨ ઉપર પ્રવચનો થયા; તેમાંથી પ્રારંભના દિવસોનાં પ્રવચનોનો નમૂનો અહીં આપીએ છીએ. સ્થળસંકોચને કારણે વિશેષ આપી શકતા નથી. ગાથા ૩૨૦ ઉપરનાં પૂરાં પ્રવચનો 'જ્ઞાનચક્ષુ' પુસ્તકરૂપે પ્રસિદ્ધ થયેલાં છે તે વાંચવા સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી છે. ( સં )**

આ સમયસારની ૩૨૦મી ગાથા છે. અગાઉ રાજકોટ તેમજ સોનગઢમાં આ ગાથા ઉપર પ્રવચન થઈ ગયાં છે અને 'જ્ઞાનચક્ષુ' પુસ્તકમાં તે છપાઈ ગયાં છે. આ ફરીથી ત્રીજીવાર વંચાય છે.

ચૈતન્યમૂર્તિ આત્માના અસ્તિત્વમાં કોઈ પણ પરદ્રવ્યનું અસ્તિત્વ નથી, એટલે શરીરાદિ કોઈ પણ પરદ્રવ્યની ક્રિયાનો કર્તા આત્મા નથી; અજ્ઞાની પણ પરનો કર્તા નથી. કર્તા થાય તો તન્મય થઈ જાય; ને તન્મય થાય તો જડ થઈ જાય.–એમ કદી બનતું નથી.

હવે અજ્ઞાની આત્મા પોતાના ચૈતન્યસ્વરૂપને ભૂલીને રાગ–દ્વેષ–ક્રોધાદિ પરભાવરૂપ પરિણમે છે એટલે અજ્ઞાનથી તે તેનો કર્તા છે. પણ તે પરભાવને આત્માનું ખરૂં સ્વરૂપ કહેતા નથી. માટે રાગાદિમાં તન્મય થાય તે સાચો આત્મા નહીં.

અજ્ઞાનીનો દ્રવ્યસ્વભાવ કાંઈ રાગાદિરૂપ થતો નથી, એટલે દ્રવ્યસ્વભાવ કાંઈ કર્મમાં નિમિત્ત નથી; તેની પર્યાયમાં જે ક્ષણિક મોહ અને યોગના કંપનનો વિકારીભાવ છે તે ક્ષણિકભાવ જ કર્મમાં નિમિત્ત છે. પણ તે ક્ષણિક વિકારી ભાવોને આત્મા કહેતા નથી. માટે જેની દ્રષ્ટિ શુદ્ધ આત્મા ઉપર છે એવા ધર્મીજીવ તો નિમિત્તપણે પણ કર્મના કર્તા નથી.–એ વાત સમયસારની ૧૦૦મી ગાથામાં કરી છે.

કર્મના બંધનમાં જે નિમિત્ત થાય તેને ખરેખર આત્મા કહેતા નથી; ઊલ્ટું કર્મ તે જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞેયપણે નિમિત્ત છે.

જગતના પદાર્થો જડ કે ચેતન તે સૌ પોતપોતાની પર્યાયરૂપે પરિણમવાના સ્વભાવવાળાં છે; બીજો તેને પરિણમાવે તો તે પરિણમે–એવા પરાધીન કોઈ પદાર્થ નથી. જે સ્વયં પરિણમે છે–તે પદાર્થને હું પરિણમાવું એમ અજ્ઞાની મોહથી જ માને છે. તેને અહીં સમજાવે છે કે ભાઈ ! આત્મા તો ચૈતન્યચક્ષુ છે. જેમ આંખ પદાર્થોને દેખે પણ તેમાં ઉથલપાથલ ન કરે, તેમ જગતને દેખનારી ચૈતન્યઆંખ, તેને પરપદાર્થનું કર્તાપણું કે ભોક્તાપણું નથી; તે તો શુદ્ધજ્ઞાનરૂપે પરિણમે છે. આ શુદ્ધજ્ઞાન છે તે આનંદસહિત છે.

જ્ઞાનના સ્વરૂપથી રાગ તે જુદી ચીજ છે. જ્ઞાનમાં અને રાગમાં બંનેમાં આત્મા એકસાથે તન્મય થઈ શકે નહીં. એકસાથે બંનેનો કર્તા થવા જાય તો તે પોતાના સ્વરૂપને ભૂલે છે, જ્ઞાન અને રાગની ભિન્નતાને તે ભૂલે છે. રાગનો કર્તા થઈને તેમાં તન્મય થવા જાય તો રાગથી ભિન્ન એવા જ્ઞાનને તે ભૂલે છે, એટલે કે અજ્ઞાની થાય છે. અને જો સ્વસન્મુખ થઈને જ્ઞાનમાં તન્મયપણે પરિણમે તો તેમાં રાગનું કર્તાપણું રહેતું નથી. અહો, પરભાવોથી પાછા હઠીને જ્ઞાનના સમુદ્રમાં આવવું તે એક મહાન કાર્ય છે. રાગમાં રહેવું તે મારું કર્તવ્ય નથી. જ્ઞાનસમુદ્ર તો આનંદથી ભરેલો છે તેમાં રાગનું કે કર્મનું કર્તા–ભોક્તાપણું નથી. આવા આત્માની દ્રષ્ટિથી શુદ્ધજ્ઞાનપરિણતિરૂપે પરિણમેલા જ્ઞાની ધર્માત્મા તે રાગના કર્તા–ભોક્તા થતા નથી. જ્ઞાનીનો આત્મા કે જ્ઞાનીની શુદ્ધોપયોગ– પરિણતિ, તેમાં ક્યાંય પરભાવ નથી. આવી દશાનું નામ મોક્ષમાર્ગ છે.

વસ્તુમાં પર્યાયપણે ઉત્પાદ ને વિનાશ થાય છે, છતાં દ્રવ્યપણે જે ધ્રુવતા છે તે ધ્રુવનું સદ્રશપણું મટતું નથી. પર્યાય અપેક્ષાએ વિસદ્રશતા હોવા છતાં ધ્રુવ અપેક્ષાએ સદ્રશતા છે. પર્યાયની વિસદ્રશતારૂપે આત્મા પોતે પરિણમતો હોવા છતાં, ધ્રુવઅપેક્ષાએ તેનું સદ્રશપણું મટતું નથી.–આવો વસ્તુનો સ્વભાવ છે. વચ્ચે રાગ થાય તે જ્ઞાનનું કર્તવ્ય નથી જો તે જ્ઞાનનું કર્તવ્ય હોય તો રાગમાં પણ આનંદનું વેદન આવવું જોઈએ; રાગમાં તો દુઃખ છે, તે ધર્મી આત્માનું કાર્ય કેમ હોય ? સાતમી નરકના તીવ્ર પ્રતિકૂળ સંયોગ વચ્ચે રહેલો સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાની જ્ઞાનપરિણતિમાં દુઃખને વેદતો નથી; જરીક અણગમાનો જે ભાવ છે તે જ્ઞાનના પરજ્ઞેયરૂપે છે, જ્ઞાન તેમાં તન્મય નથી એટલે તે જ્ઞાનનું કાર્ય નથી.

ભાઈ ! આવા જ્ઞાનસ્વરૂપ તારી વસ્તુ છે. આવી વસ્તુનું જ્ઞાન તે આનંદ સહિત છે. એકલા રાગને જાણનારું જ્ઞાન તેમાં આનંદ નથી. રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને,

સ્વસન્મુખ થયેલું જ્ઞાન તે પરમ આનંદના વેદન સહિત છે. અહો, જ્ઞાતાદૃષ્ટા સ્વભાવરૂપી જે આંખ તેમાં રાગનો કણિયો સમાય તેમ નથી. જ્ઞાન પોતે પુણ્ય–પાપરૂપ કે રાગ–દ્વેષરૂપ થતું નથી. આવા જ્ઞાનપણે પોતાને અનુભવતાં મોક્ષ સધાય છે. આ વાત સમજવાથી પરમ કલ્યાણ છે.

સર્વજ્ઞપણું અને પૂર્ણ આનંદ તે આત્માનું સ્વરૂપ છે. આવા આત્માનો અનુભવ રાગથી પાર છે. આત્મા પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. આવું પોતાનું સ્વરૂપ છે તે પોતાને સમજાય તેવું છે. સૂક્ષ્મ અને અપૂર્વ છે પણ સ્વાનુભવમાં આવે તેવું છે. સર્વજ્ઞપ્રભુએ કહેલી આ મૂળ વાત છે. નિત્ય ઉપયોગરૂપ એવું પોતાનું સ્વરૂપ સમજવા માટે જગત સામે જોવાનું નથી. પોતાના અંતરના સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ જ્ઞાનથી આત્મા ઓળખાય છે. વચ્ચે બીજા કોઈ સંયોગની, વાણીની કે વિકલ્પની આડ નાંખે તો આત્મા દેખાશે નહીં.

અહો, પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવી વસ્તુ, તેને ઇન્દ્રિયોની કે રાગની અપેક્ષા કેમ હોય? ચૈતન્યવસ્તુને જ્યાં રાગ સાથે સમન્વય (એકતા) નથી ત્યાં અન્ય કુમાર્ગ સાથે તો સમન્વય ક્યાંથી હોય? અત્યારે તો સમન્વયના નામે ઘણા લોકો (ઉપદેશકો પણ) અજ્ઞાનને પોષે છે, અહીં ભગવાને કહેલી ઊંચામાં ઊંચી વાત એટલે કે આત્માના સ્વાનુભવની વાત છે. આત્માનો પ્રત્યક્ષ સ્વાનુભવ થયા વગરનું બધું થોથાં છે.

અનંત આત્માઓ સ્વતંત્ર અને પોતપોતાની પર્યાયસહિત છે–એવા સ્વીકાર–પૂર્વક શુદ્ધ આત્માની ઓળખાણ થાય છે. પણ, સ્વતંત્ર આત્મા શું?–તેની પર્યાયો શું? એને માન્યા વગર વેદાંતની જેમ શુદ્ધ–શુદ્ધ કહે. એ તો માત્ર કલ્પના છે. પરભાવોથી ભિન્ન આત્માનું સ્વસંવેદન કરીને તેની ઉપાસના કરે ત્યારે તેને 'શુદ્ધ' કહેવાય.–એ વાત છઠ્ઠી ગાથામાં આચાર્યદેવે અપૂર્વ રીતે સમજાવી છે.

જેમ આકાશનું ક્ષેત્રઅપાર છે, ક્યાંય તેનો અંત નથી, એને એક સમયમાં સાક્ષાત્ જાણી લેનારું જે જ્ઞાન, તેનું સામર્થ્ય પણ અનંત–અપાર છે. જ્ઞાનની તાકાતની કોઈ મર્યાદા નથી કે આટલું જાણે ને પછી ન જાણી શકે. આવું તો જ્ઞાનગુણની એક પર્યાયનું બેહદ સામર્થ્ય છે; ને જ્ઞાન સાથે બીજા ગુણોનો વૈભવ આત્મામાં ભર્યો છે. અહો! આત્માના મહિમાની શી વાત! રાગથી જેનો પાર ન પમાય, સ્વાનુભવપ્રત્યક્ષથી જ જેનો પાર પમાય–એવો અપાર વૈભવ આત્મામાં છે. ધર્મી ગૃહસ્થ પણ પોતાના આવા આત્માને અનુભવે છે. જેમ દ્રવ્યસ્વભાવમાં રાગ નથી, તેમ તેના અનુભવરૂપે પરિણમેલા ધર્મી જીવની પરિણતિમાં પણ રાગનું કર્તા–ભોક્તાપણું નથી. ઇન્દ્ર પોતાને આવા

નિજવૈભવનો સ્વામી સમજે છે, સ્વર્ગના વિમાનનો સ્વામી તે પોતાને માનતો નથી, એક વિકલ્પનું પણ સ્વામીપણું જ્યાં નથી ત્યાં જડ–વિભૂતિની શી વાત?

શુભરાગ કરો ને પરની દયા પાળો–એવી વાત તે તો સાધારણ વાત છે, સાધારણ લોકો પણ એવું તો જાણે છે. શું એવી શુભરાગની જ કથા સાંભળવા સ્વર્ગેથી ઇન્દ્રો અહીં આવતા હશે?–ના, ચિદાનંદ–સ્વભાવી આત્માના વીતરાગરસની અપૂર્વ ધારા તીર્થંકરદેવની વાણીમાં વહે છે, તે વીતરાગરસનું શ્રવણ કરવા માટે ઇન્દ્રો સ્વર્ગેથી ઊતરીને મધ્યલોકમાં આવે છે. આ તો કોઈ અપૂર્વ વીતરાગભાવની કથા છે, એનું શ્રવણ પણ દુર્લભ છે. ભક્તમાંથી ભગવાન બનવાની આ વાત છે.

અજ્ઞાની કહે છે કે પહેલાં રાગ ને પછી આત્મા, શુભરાગ કરતાં–કરતાં આત્મા પમાશે. જ્ઞાની કહે છે કે પહેલાં રાગ નહીં પણ પહેલાં આત્મા, પહેલાં રાગથી જુદો પડીને આત્માનું જ્ઞાન કર, પછી વચ્ચેના રાગનું સાચું જ્ઞાન થશે. પહેલેથી જો રાગમાં અટકીશ તો આત્માને ભૂલી જઈશ. નિર્મળ પર્યાયરૂપ પરિણમેલો આત્મા રાગને કરતો નથી, રાગને જાણે ભલે પણ તેમાં તન્મય થતો નથી, જ્ઞાનને રાગરૂપ કરતો નથી.

અહો! ભેદજ્ઞાનની અપૂર્વ વાત છે. જ્ઞાન અને રાગની ભિન્નતા જીવે કદી અનુભવી નથી, તે અનુભવ કેમ થાય? તેની આ વાત છે. અખંડ આનંદધામ આત્મામાં જે ઉપયોગ એકાગ્ર થયો તે ઉપયોગ રાગને કેમ કરે? આનંદના વેદનમાં રાગનું વેદન કેમ હોય

દ્રવ્ય–પર્યાયરૂપ આત્મ વસ્તુ, તેને જોનારા બે નયો. દ્રવ્યનયનો વિષય તે પણ એક અંશ છે, ને પર્યાયનયનો વિષય તે પણ એક અંશ છે. શુદ્ધનય પોતે પર્યાય છે પણ તે અખંડ દ્રવ્યને વિષય કરે છે, ત્યાં નય અને તેનો વિષય અભેદ થઈ જાય છે. આવા અભેદ આત્માની પ્રતીત તે સમ્યગ્દર્શન છે. 'આ શુદ્ધનય અને આ તેનો વિષય' એવા ભેદ અનુભૂતિમાં નથી. આનંદરસનું ધામ આત્મા તેની સન્મુખ થઈને તેનું વેદન કરવું તે શાસ્ત્રનું તાત્પર્ય છે.

ભાઈ, દુનિયાની વાત સમજવા માટે તેમાં રસ લઈને તું ઊંડો ઊતરે છે, તો આ તારા આત્માના વૈભવની વાત સમજવા માટે તેમાં રસ લઈને તું ઊંડો ઊતર, તો કોઈ અપૂર્વ વસ્તુનો આનંદ તને તારામાં અનુભવાશે.

* * *

**( પ્રવચનસાર ગા. ૧૭૨ ના પ્રવચનોમાંથી )**

**નિજસ્વરૂપને જાણવાની જેને દરકાર છે અને ધગશ છે એવા જિજ્ઞાસુ શિષ્યને આચાર્યદેવ આ ગાથા દ્વારા આત્માનું સ્વરૂપ ઓળખાવે છે. આત્માનું લક્ષણ ચેતના**

છે, અને પોતાની ચેતના પોતાના સ્વદ્રવ્યના જ આશ્રયે છે, તેથી ચેતના વડે સ્વદ્રવ્ય અનુભવમાં આવે છે. આવો જે ચેતનાલક્ષણથી લક્ષિત આત્મા છે તે અલિંગગ્રાહ્ય છે. તેને 'अलिंगग्रहण' કહીને તેના વીસ અર્થો દ્વારા અત્યંત સ્પષ્ટ કરીને આત્માનું સ્વરૂપ સમજાવ્યું છે.

પ્રથમ બોલમાં કહે છે કે આત્મા જાણનાર છે, તે ઇન્દ્રિયોવડે જાણતો નથી, જાણવું એટલે ગ્રહણ કરવું, ઇન્દ્રિયો વડે ગ્રહણ કરવાપણું જેને નથી તે અલિંગગ્રહણ છે, એટલે કે આત્મા અતીન્દ્રિય જ્ઞાનમય છે. શરીર અને ઇન્દ્રિયોથી આત્મા અત્યંત જુદો છે. પર્યાયમાં પરોક્ષજ્ઞાન છે, ઇન્દ્રિયોનો સંબંધ છે, પણ તે ઇન્દ્રિયો કે તેના તરફનું ખંડખંડ જ્ઞાન, તેને ખરેખર આત્મા કહેતા નથી, કેમકે એટલો આત્મા માનતાં આત્માનું સાચું સ્વરૂપ અનુભવમાં આવતું નથી. દ્રવ્યેન્દ્રિયો–ભાવેન્દ્રિયો તથા તેના વિષયરૂપ વાણી વગેરે પદાર્થો, તે ત્રણેને 'ઇન્દ્રિયો' ગણીને, તેનાથી ભિન્ન જ્ઞાનસ્વભાવ ૩૧ મી ગાથામાં બતાવ્યો છે. એવા આત્માનો અનુભવ કરે તેણે ઇન્દ્રિયોને જીતી કહેવાય, અને તે સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞ ભગવાનનો તે પહેલો ભક્ત છે, ને તે સર્વજ્ઞની પરમાર્થ સ્તુતિ છે. ઇન્દ્રિયો વડે કે તે તરફના જ્ઞાનવડે સર્વજ્ઞની સ્તુતિ થતી નથી. સર્વજ્ઞ ભગવાનની પરમાર્થ સ્તુતિ (આરાધના) અતીન્દ્રિય જ્ઞાન વડે થાય છે. સ્વભાવને અવલંબનારું સ્વભાવની જાતનું જ્ઞાન, તે જ આત્માનું સ્વરૂપ છે, એટલે કે આત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે.

આત્માનું જ્ઞાનસ્વરૂપ સત્ છે, અને ઇન્દ્રિયો અસત્ છે; એકલું ઇન્દ્રિય તરફનું જ્ઞાન તે પણ અસત્ છે, તેને આત્માનું સ્વરૂપ કહેતા નથી. તે જ્ઞાન આનંદવાળું નથી. જેની સાથે આનંદ ન હોય એને તો જ્ઞાન કોણ કહે? અતીન્દ્રિય જ્ઞાન દ્વારા જેણે પોતાના અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવને પકડયો તેણે બધાય શાસ્ત્રો જાણી લીધા.–વીતરાગ સર્વજ્ઞના ઉપદેશનું આ રહસ્ય છે.

ભગવાન આત્માના અતીન્દ્રિય દરબારમાં પ્રવેશના દરવાજા જુદી જાતના છે. ઇન્દ્રિયોના દરવાજા વડે આત્માના મહેલમાં પ્રવેશી શકાતું નથી, અતીન્દ્રિય જ્ઞાનવડે જ આત્મદરબારમાં પહોંચાય છે.

ઇન્દ્રિયની જાત જુદી છે ને આત્માની જાત જુદી છે. અતીન્દ્રિય જાતવાળો આત્મા તે ઇન્દ્રિયો વડે કેમ જાણે? અરે, અતીન્દ્રિય આત્માને ઇન્દ્રિયજ્ઞાનના અભિમાન શા? ઇન્દ્રિયોનું આલંબન એ તો અતીન્દ્રિય આત્માને કલંક છે; તે આત્માનું સ્વરૂપ નથી ને તેનાથી આત્માની શોભા નથી. અતીન્દ્રિય જ્ઞાનવડે જાણવાનું કામ કરે તે જ ખરો આત્મા છે, એ જ આત્માનું સાચું ચિહ્ન છે.

અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને ઇન્દ્રિયજ્ઞાનવડે જાણી શકાતો નથી. આત્મા એવો સ્થૂળ નથી કે ઇન્દ્રિયજ્ઞાનમાં તે જણાય. ઇન્દ્રિયો તે આત્માની જાત નથી એટલે તેના તરફના વલણથી આત્મા જણાય નહીં. ઇન્દ્રિયજ્ઞાન વડે જે કાંઈ જાણવામાં આવે તે આત્માનું ખરૂં સ્વરૂપ નથી. જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તે જ્ઞાનસ્વભાવ તરફ સીધી ઢળેલી જ્ઞાનપર્યાય વડે જ આત્મા જણાય છે, તે જ્ઞાન આત્માની જાતનું છે.

કોઈ કહે કે આત્માને જાણી શકાય જ નહીં.

તો કહે છે કે–એમ નથી. આત્માને જાણી શકાય છે.–વિકલ્પ વડે કે ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનવડે આત્મા ભલે ન જણાય, પણ અતીન્દ્રિય જ્ઞાનવડે તેને પ્રત્યક્ષ જાણી શકાય છે. જુઓ, આત્માનો અનુભવ કરવાના આ મંત્રો છે. અતીન્દ્રિય જ્ઞાનવડે આત્માને જાણ્યા વગર બીજા કોઈ ઉપાયે ધર્મ થાય નહીં.

અતીન્દ્રિયજ્ઞાન કહો કે નિશ્ચયાલંબી જ્ઞાન કહો, ઇન્દ્રિયજ્ઞાન કહો કે વ્યવહાર–અવલંબી જ્ઞાન કહો, નિશ્ચયસ્વભાવને અવલંબનારું જે અતીન્દ્રિયજ્ઞાન તેના વડે જણાય એવો ભગવાન આત્મા છે. આત્મા એવો તૂચ્છ નથી કે ઇન્દ્રિયજ્ઞાનમાં આવી જાય.

જેમ મોટા રાજાને ભીખારી કહેવો કે તેની ઓછી કિંમત આંકવી તે તેનું અપમાન અને અનાદર છે, મોટો ગુન્હો છે. તેમ અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવી અનંતગુણસંપન્ન ભગવાન આત્મા મોટો ચૈતન્યમહારાજા છે, તેને રાગ જેટલો કે ઇન્દ્રિયજ્ઞાનના વિષય જેટલો માનવો તે તેનો અનાદર છે, મોટો ગુન્હો છે એટલે કે મિથ્યાત્વ છે. વિકલ્પાતીત અતીન્દ્રિય જ્ઞાનવડે તેની સામે જોઈને બોલાવો તો જ જવાબ આપે એવો મોટો ચૈતન્યભગવાન છે. આત્મસન્મુખ થયેલું તે જ ખરું જ્ઞાન છે, તે જ આનંદમય છે. ઇન્દ્રિય તરફના ઝુકાવમાં તો દુઃખ છે.

આત્મા, જ્યાં ઇન્દ્રિયજ્ઞાનથી પણ જણાય એવો નથી ત્યાં જડ વાણીથી કે તે તરફના વિકલ્પથી તો આત્મા કેમ જણાય? એ તો સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ જ્ઞાનથી જ જણાય એવો છે.

* * *

ઇન્દ્રિયગમ્ય ચિહ્નો વડે અનુમાન કરીને આત્માનું સ્વરૂપ જાણી શકાતું નથી. આત્માને જાણવા માટે અજ્ઞાની જેટલા ઇન્દ્રિયગમ્ય સાધનો માને છે તે બધાય સાધન ખોટા છે. તે સાધનો વડે જે જણાય છે તેવો આત્મા છે જ નહીં. અતીન્દ્રિયજ્ઞાનસ્વરૂપ પરિણમેલો જે આત્મા તેને ઓળખવા માટે સામા જીવમાં પણ તે જાતનું અતીન્દ્રિયજ્ઞાન જોઈએ. ધર્મનાં માપ ઇન્દ્રિયોથી પાર છે. (અનુસંધાન પૃ. ૪૪ નીચે)

# 卐 અમરકુમારની અમર કહાની 卐

**( નમસ્કારમંત્રનો પ્રભાવ )**

**પંચપરમેષ્ઠી ભગવંતોને જેમાં નમસ્કાર કરવામાં આવ્યા છે એવો પંચનમસ્કાર મંત્ર તે જૈનોનો સર્વમાન્ય મહામંત્ર છે. જીવન-મરણના કોઈ પ્રસંગે જૈન-બચ્ચો એ મંત્રને ભૂલતો નથી. પૂ. કાનજીસ્વામી શિરપુર ( અંતરીક્ષ-પાર્શ્વનાથ ) પધારેલા ત્યારે પંચકલ્યાણક મહોત્સવ વખતે કારંજાના નાનકડા બાળકોએ એક અતિ ભાવવાહી અભિનય વડે નમસ્કાર મંત્રનો પ્રભાવ રજૂ કર્યો હતો, એ નાટિકાનું નામહતું 'અમરકુમારની અમર કહાણી.' પંદર હજાર પ્રેક્ષકો એ દ્રશ્ય દેખીને પ્રભાવિત થયા હતા. તે કહાણીનો ટૂંક સાર અહીં રજૂ કરીએ છીએ.** ( બ્ર. હ. જૈન )

( ૧ ) જંગલમાં એક જૈનગુરુ બેઠા છે, પંચપરમેષ્ઠીના ધ્યાનમાં અને આત્મચિંતનમાં તે મગ્ન છે. એકદમ શાંત વાતાવરણ છે. એવામાં અમરકુમાર નામનો છ વર્ષનો ગરીબ પણ સંસ્કારી બાળક તે જંગલમાં આવે છે, જૈનગુરુને દેખીને રાજી થાય છે, વંદન કરે છે. ગુરુ ધ્યાનમાંથી બહાર આવીને આશીર્વાદપૂર્વક તેને નમોક્કારમંત્ર આપે છે. અમરકુમાર અત્યંત શ્રદ્ધા અને આદરપૂર્વક તે મંત્રને ગ્રહણ કરે છે, ને ભક્તિપૂર્વક રોજ તેનું રટણ કરે છે.–એ વાતને કેટલોક વખત વીતી ગયો.

( ૨ ) તે નગરીનો રાજા એક કોટ બંધાવે છે પણ તેનું બાંધકામ કોઈ કારણસર આગળ ચાલતું નથી, વારંવાર તૂટી જાય છે. ત્યારે કોઈ અજ્ઞાની–કુગુરુ રાજાને સલાહ આપે છે કે, જો કોઈ બાળકનું બલિદાન દેવામાં આવે તો ગઢનું કામ પાર પડે. મૂર્ખ રાજા તે ઊંધી સલાહ સ્વીકારીને બલિદાન માટે બાળકને શોધે છે.

રાજાની આજ્ઞાથી નગરીમાં ઢંઢેરો પીટાય છે કે–જે કોઈ માણસ આ કામ માટે બલિદાન ચઢાવવા પોતાનો પુત્ર આપશે તેનું રાજ્ય તરફથી સન્માન થશે અને પુત્રના ભારોભાર સુવર્ણ મુદ્રા ઈનામ અપાશે.

( ૩ ) અમરકુમારના પિતા ખૂબ દરિદ્ર હતા, તેમને આઠ પુત્રો હતા, સૌથી નાનો અમરકુમાર. કુટુંબનું ભરણપોષણ મુશ્કેલીથી થતું. અમરકુમારના પિતા ઉપરનો ઢંઢેરો સાંભળે છે, ને લોભવશ મૂઢ થઈને વિચારે છે કે અમરકુમાર રાજાને સોંપી દઉં તો મારું દારિદ્ર મટી જાય. બ્રાહ્મણ ઘેર આવીને તેની સ્ત્રીને આ વાત કરે છે, કે આપણો

નાનો છોકરો આપી દઈએ. તે સાંભળતાં જ સ્ત્રીનું માતૃહૃદય પુત્રવધની વાત સહન કરી શકતું નથી, ને એમ ન કરવા ખૂબ જ કરગરે છે. પણ પિતાનું પત્થરહૃદય પીગળતું નથી. એવામાં અમરકુમારનો મોટો ભાઈ પણ આવીને ટાપશી પૂરે છે કે હે માતા! તું નકામો સોચ ન કર. અમે આઠ–આઠ ભાઈઓ છીએ, તેમાંથી એક દેતાં તારું શું જવાનું છે, એક પુત્ર આપતાં પણ તારે સાત પુત્રો રહેશે ને જીંદગીભર બધાનું દારિદ્ર પણ ટળશે. આમ પિતાપુત્ર ક્રૂરચિત્તે અમરકુમારને બલિદાન માટે આપી દેવાનું નક્કી કરે છે. તેની માતાઅત્યંત આઘાતથી બેહોશ બની જાય છે.

ત્યારે, જેના હૃદયમાં પંચપરમેષ્ઠીનો નમસ્કારમંત્ર દૃઢપણે કોતરાઈ ગયેલો છે એવો એ નિર્દોષ બાળક અમરકુમાર ત્યાં આવી પહોંચે છે, અત્યંત ધીર–શાંત અને વૈરાગ્યભાવથી માતાને આશ્વાસન આપે છે કે હે માતા! તું શોક છોડ! પંચપરમેષ્ઠી મારા હૃદયમાં બિરાજે છે પછી ભય કેવો? હે માતા! રક્ષક એવો રાજા પોતે જ્યારે ભક્ષક થવા તૈયાર થયો છે, અને જન્મદાતા એવો પિતા પોતે જ્યારે સોનાના ટુકડા ખાતર મને વેંચવા તૈયાર થયો છે, ત્યારે તું શોચ કેમ કરે છે? આ સંસાર એવો જ છે, તેમાં જીવને પંચપરમેષ્ઠી સિવાય બીજું કોઈ શરણ નથી. મારા દેહના બલિદાનથી બધા સુધી થતા હોય તો ભલે થાય. હું રાજા પાસે જાઉં છું, પંચપરમેષ્ઠીનો મંત્ર મારી પાસે છે, ને હે માતા! તું પણ એ જ મંત્રને હૃદયમાં રાખજે.–આમ કહીને બાળક નિઃશંકપણે જાય છે.

(૪) રાજાની આજ્ઞાઅનુસાર બાળક અમરકુમારને વધસ્તંભ ઉપર લઈ જવાય છે. બે ચાંડાળ ઊઘાડો છરો લઈને વધ માટે તૈયાર થાય છે,–પણ અત્યંત શાંત નિર્દોષ બાળકને દેખીને તેમનું હૃદય પીગળી જાય છે, આંખો ભીની થાય છે, ને હાથ ધ્રૂજે છે. ત્યારે બાળક તેને કહે છે કે ભાઈઓ! મારા પિતાએ પૈસા ખાતર મને વેંચ્યો, એણે દયા ન કરી, રાજા કે જે પ્રજાનો રક્ષક કહેવાય છે તેણે પણ મારો વધ કરવાની જ્યારે આજ્ઞા કરી, તો હવે તમે શું વિચાર કરો છો? તમે તમારી ફરજ બજાવો! પણ જરાવાર ઊભા રહો...મારા ગુરુએ આપેલો ઇષ્ટમંત્ર (પંચનમસ્કાર મંત્ર) હું યાદ કરી લઉં...પછી તમે...

એમ કહી બાળક વધસ્તંભ ઉપર પહોંચી જાય છે; ગરદન ઝુકાવી બલિદાન માટે તૈયાર થાય છે...ને અતીવ શાંતભાવથી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરે છે,–નિઃસ્તબ્ધ વાતાવરણ છવાઈ રહ્યું છે,–માત્ર નમસ્કારમંત્રના મધુર નાદ સંભળાય છે–



णमो अरिहंताणं
णमो सिद्धाणं
णमो आइरियाणं
णमो उवज्झायाणं
णमो लोए सव्वसाहूणं।

ધડાક.....ધડાક.....ધડાક!

એકાએક આકાશમાં અવાજ થયા, ફાંસીના માંચડાને બદલે સિંહાસન રચાઈ ગયું; દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, અને અમરકુમારનું બહુમાન કર્યું. સર્વત્ર નમસ્કાર–મંત્રનો પ્રભાવ છવાઈ ગયો. રાજાએ ક્ષમા માંગીને જૈનધર્મનો સ્વીકાર કર્યો. કસાઈ લોકો હિંસા છોડીને જૈનધર્મી બન્યા. અમરકુમારના પિતા અને ભાઈને પણ ખૂબ પશ્ચાત્તાપ થયો, માતા ખૂબ પ્રસન્ન થઈ. અમરકુમારની અમરકહાની અને નમસ્કારમંત્રનો પ્રભાવ દેખીને સર્વત્ર જયજયકાર છવાઈ રહ્યો. અંતે અસાર સંસારથી વિરક્ત થઈને અમરકુમારે પોતાનું આત્મહિત સાધ્યું.

જીવનમાં કોઈ પ્રસંગે નમસ્કારમંત્રને કદી ન ભૂલો.
પંચપરમેષ્ઠીને ઓળખીને હૃદયમાં સદા તેનું ચિંતન કરો.

---

( અનુસંધાન પૃષ્ઠ ૪૧ થી ચાલુ )

પોતામાં સન્મુખ થઈને પોતાના આત્માને અતીન્દ્રિયપ્રત્યક્ષ કર્યા વગર કેવળી ભગવાનની, ગુરુસંતની કે સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માની સાચી ઓળખાણ થઈ શકે નહીં. અહો, વીતરાગમાર્ગ આખો સ્વસન્મુખતાનો જ માર્ગ છે, પરાશ્રયથી તેનાં પત્તા લાગે તેમ નથી. આ તો ચૈતન્યના પાતાળનો પત્તો લેવાની વાત છે, ઉપલકદ્રષ્ટિના માપે ચૈતન્યના પાતાળનો પત્તો ન લાગે. રાગનાં પડને ચીરીને અતીન્દ્રિયજ્ઞાનની અનુભૂતિવડે અંદરના ચૈતન્યદરિયામાં ઊતર, તો આત્માનો પત્તો લાગશે.

પ્રશ્નઃ– જ્ઞાની આત્માને કેવી રીતે ઓળખાય ?

ઉત્તરઃ– જ્ઞાનસ્વરૂપ આત્મા લક્ષમાં આવે ત્યારે બીજા જ્ઞાની આત્માની ખરી ઓળખાણ થાય. રાગથી જુદો પડીને જ્ઞાનના લક્ષે જ્ઞાનીની ખરી ઓળખાણ થાય, કેમકે જે શુદ્ધાત્માની જાતને ઓળખવી છે તેવી જાતરૂપે પોતે પરિણમ્યા વગર તેની ખરી ઓળખાણ થાય નહીં. જ્ઞાનસ્વરૂપ આત્માને ઓળખવા માટે પોતામાં ઇન્દ્રિયાતીત જ્ઞાનરૂપ પરિણમન થાય ત્યારે જ આત્મા ઓળખાય છે.

## -: વૈરાગ્ય સમાચાર:-

* સોનાસણના રહીશ ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી તા. ૧–૪–૭૦ ના રોજ અમદાવાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. કેટલાક વખતથી તેમને કેન્સરનું દર્દ હતું. દોઢ માસ પહેલાં ગુરુદેવ અમદાવાદ પધાર્યા ત્યારે છોટાલાલભાઈને ત્યાં દર્શન દેવા પધાર્યા હતા. ભાઈશ્રી છોટુભાઈ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા, તેમજ કેટલાક પુસ્તકોનો ગુજરાતી અનુવાદ તેમણે કર્યો હતો. સ્વર્ગવાસના થોડા સમય પહેલાં તેમણે આદિનાથ ભગવાનનાં દર્શન કર્યા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્માહિત પામો.

* વીંછીયાના ભાઈશ્રી રતિલાલ કસ્તુરચંદ ડગલીના માતુશ્રી મણિબાઈ (ઉ. વર્ષ ૮૮) માહ વદ ૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો; અને છેલ્લા દિવસ સુધી શુદ્ધિમાં હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મહિત પામો.

* નાગનેશવાળા ભાઈશ્રી મલુકચંદ છોટાલાલ ઝોબાળિયાના ધર્મપત્ની સમતાબેન (ઉ. વર્ષ ૬૫) ફાગળ સુદ ૧૧ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ભદ્રિક હતા અને છેલ્લા કેટલાક વર્ષોથી સોનગઢમાં રહીને સત્સમાગમનો લાભ લેતા હતા. પહેલેથી તેમને અક્ષરજ્ઞાન ન હતું પરંતુ પાછળથી મોટી ઉંમરે તેમણે 'આત્મધર્મ' વગેરે ધાર્મિક સાહિત્ય વાંચવાની ભાવનાથી વાંચતાં શીખી લીધું હતું, અને પ્રેમથી ધાર્મિક વાંચન કરતા હતા. માંદગી દરમિયાન તેઓ મુંબઈમાં તેમના પુત્ર પુનમભાઈને ત્યાં હતા અને જીવનના છેલ્લા દિવસ સુધી જિનમંદિરે વાંચનમાં ગયા હતા, તથા મલુકચંદભાઈ સાથે ધાર્મિક ચર્ચા પણ કરી હતી. આ રીતે સત્ સમજવાની જિજ્ઞાસામાં આગળ વધીને વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મહિત પામો.

* અમદાવાદ ના ભાઈશ્રી ત્રિકમલાલ મહાસુખરામ (કે જેઓ શ્રીમદ્ રાજચંદ્ર–જન્મશતાબ્દિ મંડળના પ્રમુખ હતા) તેઓ માહ સુદ ૧૧ ને દિવસે લકવાની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમની સ્મૃતિ નિમિત્તે તેમના કુટુંબીજનો તરફથી રૂા. ૧૦૦૧/– (એકહજાર એક) ગુરુદેવ અમદાવાદ પધાર્યા ત્યારે આત્મધર્મ–માસિકના પ્રચાર માટે જાહેર કરવામાં આવ્યા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મશાંતિ પામો.

* માંડલના ભાઈશ્રી કેશવલાલ ઉકાભાઈ માહ વદ આઠમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને સત્સંગનો લાભ લેતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની આરાધનાથી તેઓ આત્મહિત પામો.

* વીંછીયાવાળા (હાલ અમદાવાદમાં) ભાઈશ્રી સોમચંદભાઈ ભુરાભાઈ શાહ ફાગણ સુદી ૮ ને રવિવાર તા. ૧૫–૩–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા કેટલાક વખતથી તેઓ બિમાર હોવા છતાં હંમેશ ધાર્મિક વાંચન કરતા હતા. અગાઉ વીંછીયા મુમુક્ષુમંડળમાં ઘણા સમય સુધી તેમણે વાંચન કરેલું. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે તેઓ આત્મહિત પામો.

## સાચી બુદ્ધિ તે જ કે જે ચૈતન્યનો બોધ કરે

પોતાનો ભૂતાર્થસ્વભાવ જ જીવને શરણભૂત છે, તેના જ શરણે શાંતિ એટલે કે સમ્યગ્દર્શનાદિ થાય છે.

આત્માની બુદ્ધિ તેને કહેવાય કે જે અંતર્મુખ થઈને રાગાદિ ભાવોથી આત્માને ભિન્ન કરે. શુદ્ધનયવડે આવો બોધ કરવો તે જ સાચી બુદ્ધિ છે, રાગની બુદ્ધિ તે સાચી બુદ્ધિ નથી.

સદાય ટકતો એવો જે પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ તે ભૂતાર્થ છે, બીજા બધા ભાવો અભૂતાર્થ છે, અશરણ છે.

સિદ્ધ ભગવાનનાં દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેનું અસ્તિત્વ છે, પણ તે ત્રણે શુદ્ધ છે, સ્વભાવથી પરિપૂર્ણ છે. સિદ્ધને કાંઈ પર્યાય નીકળી નથી ગઈ, તેમને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણે છે.

## સોનગઢમાં જૈનદર્શન શિક્ષણ વર્ગ

ઉનાળાની રજાઓ દરમિયાન સોનગઢમાં દર વર્ષે જૈન વિદ્યાર્થીઓ માટે ધાર્મિક શિક્ષણનો વર્ગ ચાલે છે, સેંકડો વિદ્યાર્થીઓ તેનો લાભ લઈને પોતાના જીવનમાં ધાર્મિક જ્ઞાનનું સિંચન કરે છે. બાલવયથી થયેલું આ ધાર્મિક સંસ્કારોનું સિંચન જીવનભર ઉપયોગી થાય છે. આ વર્ષે પણ પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા પછી બીજે દિવસે એટલે કે તા. ૧૦–૫–૭૦ રવિવાર વૈશાખ સુદ પાંચમથી શિક્ષણવર્ગ શરૂ થશે, ને વૈશાખ વદ ૯ શુક્રવાર તા. ૨૯–૫–૭૦ સુધી ચાલશે. દાખલ થનાર ભાઈઓ માટે ભોજન અને પુસ્તકોની વ્યવસ્થા સંસ્થા તરફથી થાય છે. વર્ગના ધાર્મિક શિક્ષણ ઉપરાંત પૂ. શ્રી કાનજીસ્વામીનાં આત્મસ્વરૂપ સમજાવનારાં ઉત્તમ અધ્યાત્મ–પ્રવચનોનો પણ લાભ મળે છે. વિદ્યાર્થી ભાઈઓ જીવનમાં ઉત્તમ સંસ્કાર રેડવા માટે આ શિક્ષણ વર્ગનો લાભ લ્યો. શિક્ષણ વર્ગમાં દાખલ થવા માટે નીચેના સરનામે લખવું અને સમયસર સોનગઢ આવી જવું. ઉત્તમ શિક્ષણ વર્ગમાં મોક્ષમાર્ગ પ્રકાશક તથા જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ચાલશે, માટે જેમની પાસે તે પુસ્તકો હોય તે લેતાં આવવાં.

દરેક વિદ્યાર્થીએ પોતાનું બેડીંગ તથા પોતાની જરૂરિયાતની ચીજો અવશ્ય સાથે લાવવા સૂચના છે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,** સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦